પ્રેમભક્તિ—ગ્રન્થમાળા

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રણિત

# વૈષ્ણવી ષોડશ ગ્રન્થો

## સમશ્લોકી ભાષાન્તર, મૂળ સાથે

---

ન્હાનાલાલ દલપતરામ કવિ

વિ. સં. ૧૯૮૯ ઈ. સ. ૧૯૩૩

કીંમત બાર આના

કર્તાને માટે રજીસ્ટર્ડ

પ્રકાશક : આનન્દ ન્હાનાલાલ કવિ
ભદ્ર, અમદાવાદ.

| | | |
|---|---|---|
| આવૃત્તિ ૧ લી | ૧૯૨૫ | પ્રત ૨૦૦૦ |
| આવૃત્તિ ૨ જી | ૧૯૩૪ | પ્રત ૨૦૦૦ |

૧૯૨૭ની સાલ પછી પ્રેમભક્તિ-ગ્રન્થમાળાના પ્રત્યેક ગ્રન્થની પ્રત્યેક નકલ ઉપર કર્તાની ટૂંકી સહી હોય છે.

મુદ્રક અને મુદ્રણસ્થાન
ગજાનન વિશ્વનાથ પાઠક
આદિત્ય મુદ્રણાલય, રાયખડ રોડ, અમદાવાદ.

# વૈષ્ણવી સુધાએકાદશી

વ્યોમે, ભોમે, લોકહૈયે, સંસારે, ને ગૃહે ગૃહે,
કાવ્યમાં, ધર્મમાંઃ વિશ્વે **રસો વૈ સઃ** શ્રુતિ કહે.

૨

ઉગ્યો માર્તંડ પૂર્વે ક્ષિતિજ સુહવતો, તેજના પુંજ પેરે,
છોડી અંબોડલો ને દિશ દિશ પ્રસરી કીર્ણ કેશાવલીને;
નામે રૂપે ગુણે યે વિધ વિધ વિધિથી ખેલતો બહુરૂપી એઃ
**एकोऽहं** બોલ બોલી **बहु** થઇ રમતો બ્રહ્મ બ્રહ્માંડરૂપે.

૩

વેરાયાં ને વિખેરાયાં **बहु**, એમની એષણા—
આરઝૂ એક થવાની, **भक्ति** તે **प्रेमलक्षणा**.

૪

ભટકી ભટકી રાત્રી અન્ધારભીષણ આથડી,
ભવભવની આ ઘૂમી ઘૂમી જ ભૂલભૂલામણી,
અતિ વલવલી, અશ્રુથી ધોઇ આંખ, ઉષા થતે
**शरण** હરિનું અન્તે થાકી લીધું શરણાગતે.

૫

પ્રેમની વેદિએ કીધાં પ્રેમે જે હવિ અર્પણ,
પ્રેમીનું પ્રેમને એહ સર્વસ્વનું **समर्पण**.

૬

વ્રજનાં વાસી રમે રવિકિરણ શાં, એ ગોપગોપીકુલ
વનની મુક્તિ તજી પૂરાય પુરમાં, વાસે જઇ ગોકુલ;
વાગી બંસી ગભીર ધીર મધુરી વ્હાલાની વ્હાલે ભરી,
ને લીધી વનવાટઃ હા ! રસરુચિ એ **ब्रह्मसम्बन्ध**ની.

૭

ભક્તનું ભક્તસંઘેથી વરણુ–**वरुणीफलम्**,
**પુષ્ટિ** કહો, સંવનન કહો, એ **ब्रह्मकृपा हि केवलम्**;
**यमेष एष वृणुते लभ्नः तेनैव निश्चलम्**.

૮

નેત્રો નેત્ર મંહી ઢળ્યાં, ઉર ઉરે પોઢયાં પ્રસન્નાબ્ધિમાં,
જીવનનાં કિરણો જગતજીવનમાં ગૂંથાય, સન્ધ્યા સમાં;
પ્રોવાયો પ્રીતઘેલડો રસભર્યો આત્મા જ પરમાત્મને,
લાધી **પ્રેમસમાધિ** પ્રેમધુનીને: **योगेन्द्रनो योग** તે.

૯

બ્રહ્માનન્દ વદે બ્રાહ્મ, રસાનન્દ રસેશ્વર;
સચ્ચિદાનન્દ સન્તોઃ એ **आत्मानन्द** અનશ્વર.

૧૦

બાવન બ્હાર એ વાત વેદાન્તની,
'નેતિ' 'નેતિ' વદી શ્રુતિ વિરમે;
અકળને કો કળે? અવર્ણ્ય કો વર્ણવે?
પરમ ગતની ગતિ લહી પરમે;
બુદ્ધિ ને મનની જમનાને પેલે તીરે
ભક્ત ને બ્રહ્મ સહુ રમે **रासे**:
ભણે **नरसैयो रसदेव**ની **रसलीला**,
**ब्रह्म लटकां करे ब्रह्म पासे**.

૧૧

ભક્તો સન્તો મહન્તોઃસૌ યોગીઓ પ્રેમભક્તિના,
ઓછાં–અધૂરાં લેજો આ **नैवेद्य प्रेमभक्ति**નાં.

# પ્રસ્તાવના

નરસિંહ મીરાં દયારામ ને કેટલેક અંશે પ્રેમાનન્દ જેવા ગુર્જર કવિવરોએ જે પ્રેમલક્ષણા ભક્તિમાર્ગનાં ગુણકીર્તન ગાયાં છે એ બ્રહ્મ-માર્ગના શાસ્ત્રગ્રન્થો ભણી ગુર્જર સાહિત્યરસિકો આજ દુર્લક્ષ્ય કે ઉદાસીન રહે એ સાહિત્યદૃષ્ટિએ યે ક્ષન્તવ્ય છે ? છતાં અણધાર્યા ને અકસ્માત જેવા પ્રસંગ ન આવ્યા ત્હાં સુધી હું યે એવો ઉદાસીન જ હતો. ગુજરાતના સાહિત્યમાં, ગુજરાતના સંસારમાં, ગુજરાતના ઇતિહાસમાં શૈવ જૈન વૈષ્ણવી ને ઇસ્લામી સંપ્રદાયો એટલા ગૂંથાયેલા છે કે એ સંપ્રદાયોને પિછાન્યા વિના આદરેલા ગુજરાતના હિતચિન્તકોના પ્રજાની હિતસિદ્ધિના સદ્પ્રયત્નો અધૂરા જ રહેવાના.

૨. ઇ. સ. ૧૯૧૯ માં ભાઇ મોહનદાસ ગાંધીના આયુષ્યની અર્ધશતાબ્દિજયન્તીને પ્રસંગે ‘ગુજરાતનો તપસ્વી’ નામનું કાવ્ય મ્હેં લખ્યું હતું; અને ત્હેમાં એમને ચેતવ્યા હતા કે સત્યાગ્રહનો હઠાગ્રહ ન થઇ જાય એટલું સંભાળજો. ભાઇ મોહનદાસના સંઘમાં વૈષ્ણવજન લક્ષ્મીદાસ કરીને હતા—ત્હારે તે ખાદીનું કામ કરતા—ત્હેમને એ ભાવ ગમ્યો, અને સમાગમ થયે એમણે ભાખ્યું કે અમારા વૈષ્ણવ આચાર્યશ્રીની પણ શાસ્ત્રાજ્ઞા અનાગ્રહની છે; એમ કહી ષોડશ ગ્રન્થો વાંચવાને આપ્યા, ને તે પ્રત હજી મ્હારી પાસે છે. એ ગ્રન્થો ત્હારે તો વંચાયા વિનાના પડ્યા રહ્યા. પછી મુગલ જમાનાના મ્હારા અભ્યાસ અન્તરિયાળ વૈષ્ણવધર્મની ઝાંખી બાદશાહોની જીવનકથાઓમાં થઇ. દિલ્લ્હીશ્વર સિકન્દર લોદીએ પોતાના બાદશાહી ચિતારાને મોકલીને શ્રીમદ્ વલ્લભાચાર્યજીની છબી ચિતરાવી: અકબરશાહના શહેનશાહી દરબારમાં સુરદાસજી અને તેમના પિતા રામદાસજી રાજગવૈયા હતા: લલિતા સખીના અવતાર મનાતા વૈષ્ણવ સન્ત સ્વામી હરિદાસજીને ત્હાં શ્રી વૃન્દાવનમાં તાનસેનજીના તબલચીને વેશે શાહાનશાહી દરબારમાં યે ન્હોતી તેવી ભજનકીર્તનની સંગીતજાહોજલાલી માણવા અકબરશાહ ગયા હતા. વૈષ્ણવી રાજમન્ત્રી રાજા ટોડરમલ, વૈષ્ણવી સેનાધિપતિ રાજા માન, વૈષ્ણવ સન્તોના સત્સંગી ખાનખાનાન અબ-

દુર રહેમાનખાનને ઓળખ્યા : જહાંગીરશાહ દિલ્હીથી આગ્રે કે આગ્રેથી દિલ્હી જતા આવતા ત્હારે શ્રી ગુસાંઇજી સ્વતઃ શ્રી ઠાકોરજીના આશીર્વાદ બાદશાહને આપવા જતાઃ જહાંગીરશાહના સન્માનનીય ઉજ્જયિનીના સંન્યાસી ચિદ્રૂપની ઇર્ષ્યાપ્રેરણાથી બાદશાહે માળાતિલક ત્યાગવાનું વૈષ્ણવસંઘને ફરમાન કીધું, ને શ્રીમદ્ ગોકુળનાથજીએ શાહાનશાહને મળી–સ્હમજાવી એ બાદશાહી ફરમાન રદ કરાવ્યુંઃ એવી એવી કથાઓ જાણી. ને એ પ્રસંગોમાં મુગલ બાદશાહોની મહાનુભાવિતા ને વૈષ્ણવાચાર્યોનો સાધુમહિમા ઓળખ્યાં. એ આકર્ષણોથી આકર્ષાઇ પાસે પડેલા ષોડશ ગ્રન્થ ક્યહારેક ક્યહારેક વાંચવા માંડયા, ને નવરાશની વેળાએ એક અભ્યાસખેલ પેઠે, ભાષાન્તર કીધાં. પછી શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું જીવનચરિત્ર વાંચ્યું. તે પછી અમદાવાદની પ્રેમચંદ રાયચંદ મેઇલ ટ્રેનિંગ કોલેજના અધિષ્ઠાતા ને જ્ઞાન ભક્તિ રસિકતા વિનય વિવેક સદાચરણના ગુણશણગારાયેલા ગુજરાતના એક પરમ વૈષ્ણવ શ્રી મનમોહનદાસ દલપતરામ દલાલનો સત્સંગ કવિચિત્રકાર વૈષ્ણવજન શ્રી ફૂલચંદભાઇની પ્રેરણાથી થયો. ત્હારે–ઇ. સ. ૧૯૨૫ ના જાનેવારી માસમાં ષોડશ ગ્રન્થો ઉપરની ટીકાઓ નિરખી. ને પછી તો અગાધ વૈષ્ણવી સાહિત્યાર્ણવના જાણે દરવાજા ઉઘડી ગયા ને દર્શન થયાં.

૩. આ ભાષાન્તરમાં મૂળ ગ્રન્થોમાંના પુણ્યવારી મ્હારાથી બનતાં ઓછાં ઢોળાઇ જવા દીધાં છે; ત્હો યે જાણ્યે–અજાણ્યે પરસંપ્રદાયીને હાથે કાંઇક તો ઢોળાયાં હશે જ. ટીકાકારોએ લીધેલા વ્યુત્પત્તિઅર્થ ભાષાન્તરમાં નહિં હોય. કેટલેક સ્થળે ટીકાકારોએ અનેકાર્થસૂચન માન્યાં છે તે યે ભાષાન્તરમાં ભૂંસાયાં હશે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીની શબ્દલાઘવી સૂત્રો સરિખડી છે, ને તેથી સમશ્લોકી ભાષાન્તરની મુશ્કેલી વધે છે. છન્દોમાં નિયમસ્વાતંત્ર્ય ક્યહાંક હોય તો તે મ્હારૂં છે, મૂળનું નથી. શ્લોકના આંક અર્થ પ્રમાણે માંડી ક્યહાંક ક્યહાંક અડધિયા ને દોઢિયા શ્લોક છાપ્યા છે. મૂળ ગ્રન્થોની ભાષા સ્હેલી છતાં ગીતાજીથી અઘરી છે; અને ગીતાજીની શૈલી આખ્યાનશૈલી હોઇ આ ગ્રન્થોની શૈલી દલીલની–ન્યાયપદ્ધતિને અનુસરતી સિદ્ધાર્થશૈલી હોવાથી અર્થ ઉકેલતાં વિસ્તારને માગે છે; ને

એથી સાવ સરલતા સાધવી કેટલેક સ્થળે અઘરી પડે છે. છતાં મૂળ વાક્યામૃતમાંથી ઓછું ઢોળાય એને પ્રધાન લક્ષ્ય ગણી અર્થની સરલતા ને ભાષાની સુગમતા બનતાં સાધ્યાં છે. અર્થસંદિગ્ધતાના પ્રસંગોએ સાંપ્રદાયિક ટીકાઓ જોઇ છે, અને આ સાંપ્રદાયિક ગ્રન્થો હોઇ, એમાંના અર્થ સ્વીકાર્યા છે. હુ તો ધર્મે સર્વસારગ્રાહી–Eclectic છું: ને મ્હારા સારસંપ્રદાય–Eclecticism–ને અનુસરીને આ બ્રહ્મપુષ્પોમાંથી યે બ્રહ્મપરાગ મ્હેં તો ઘણો સાર્વ્યો છે. વૈષ્ણવજનોને નિત્યપાઠમાં આ ભાષાન્તર કાંઇક ઉપયોગી નીવડશે તો ભગવદ્ભક્તોની સેવાનો શ્રમ સફળ થયો માનીશ.

૪.–અને લોકસમૂહ જાણે છે કે ભક્તિમાર્ગ પોષવાને કાજે વલ્લભવંશજોએ કેટકેટલી સાહિત્યસેવા કીધી છે? ચોર્યાશી વૈષ્ણવની ને બસેં બાવન વૈષ્ણવની વાતોથી અન્યથા ફિલસુફીનું ધર્મરહસ્યનું ઊંડુ ને મનનીય સાહિત્ય વલ્લભીય સંપ્રદાયમાં છે એ ઇતિહાસકથા નવયુગના નવસંસ્કારીઓ કેટલાક જાણે છે? સંપ્રદાયથાં યે કેટકેટલાઓએ એ શાસ્ત્રસાહિત્ય વાંચ્યું–વિચાર્યું છે? વલ્લભસંપ્રદાયના સાહિત્ય-ઉપાસકોની કે સાહિત્યગ્રન્થોની નામાવલી ન્હાની નથી; છતાં, એ ગ્રન્થો નહીં–એ નામાવલી યે ગુજરાતના અગ્રણી સાહિત્યકાર કેટકેટલાકોએ વાંચી છે? આજથી પાંચ માસ પહેલાં વૈષ્ણવી સાહિત્યભંડારમાંનાં રત્નો મ્હેં તો ન્હોતાં નિરખ્યાં–જાણ્યાં. વૈષ્ણવ સંપ્રદાયમાં ધર્મફિલસુફીનાં ઊંડા ઉમદા વિચારણીય સાહિત્યશાસ્ત્ર નથી એવો ભ્રમ નવયુગના નવસંસ્કારીઓ–મ્હોટે ભાગે–સંઘરતા આવ્યા છે; ને પોતાના અજ્ઞાનની મૂર્તિ ઘડીને એને જ્ઞાનમૂર્તિ માની પૂજતા આવ્યા છે. હવે તો ઘણાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે, છતાં પોતાના પ્રમાદને જ્ઞાનની પરિસીમા માનવાની આ નવયુગની ટેવ સુધરી છે? વૈષ્ણવી સાહિત્યના આપણા ટીકાકારો સૂર્ય ભણી આંખલડી યે ઉઘાડવાની ના પાડે છે, ને કહે છે કે સૂર્ય છે જ નહીં. વલ્લભીય શાસ્ત્રીવર્ગની યે એટલી તો અધુરપ જ છે કે સાંપ્રદાયિક મન્દિરચોકમાંથી બહાર પોતાનાં પરમ સત્યોનાં જવાહીરનાં દર્શન એમણે કરાવ્યાં નથી. વલ્લભ સંપ્રદાયમાં, પ્રસ્થાનત્રયી નહીં, પણ શ્રીમદ્ ભાગવત સાથે, પ્રસ્થાનચતુષ્ટયી પ્રમાણ છે. ભાગ-

વતને શ્રીમદાચાર્યજી ‘ સમાધિ ભાષા ’ ભાખે છે. એ પ્રસ્થાનચતુષ્ટયી ઉપરનાં ભાષ્ય ટીકાઓ વિવરણો ટિપ્પણો વિવૃતિઓનો અગાધ શો પારાવાર પડ્યો છે. આ ષોડશ ગ્રન્થોમાં જ નિહાળતાં શ્રી ભક્તિવર્દ્ધિનીના બાર શ્લોક ઉપર ચૌદ ટીકાઓ છે, ને સિદ્ધાન્તરહસ્યના નવેક શ્લોક ઉપર અગિયાર ટીકાઓ છે. શ્રીમદાચાર્યશ્રીથી માંડીને ગુસાંઈજી શ્રીબાલકૃષ્ણજી શ્રી ગોકુલનાથજી શ્રી રઘુનાથજી શ્રી કલ્યાણરાયજી શ્રી ચાચા ગોપેશજી શ્રી હરિરાયજી શ્રી ગોપેશ્વરજી શ્રી કૃષ્ણચન્દ્રજી શ્રી વ્રજરાજજી કાકા શ્રી વલ્લભજી શ્રી વ્રજનાથજી શ્રી પુરૂષોત્તમજી કોટાવાળા શ્રી મથુરાનાથજી શ્રી ગોકુલોત્સવજી યોગી શ્રી ગોપેશ્વરજી કાશીવાળા શ્રી ગિરિધરજી શ્રી કનૈયાલાલજી—એ સર્વ વલ્લભકુલની સાહિત્યસેવકપરંપરા જગતમાં અજોડ એક સાક્ષરકુલની સાહિત્યસેવાની જાહોજલાલી છે. પૃથ્વીના પુણ્યોદ્ધારને કાજે ભગીરથપ્રયત્ને જ્ઞાનભાગીરથી એમણે વહેવડાવી છે. ગોસ્વામીજીઓના દૌહિત્રપક્ષમાં પણ જયગોપાલ ભટ્ટ લાલૂ ભટ્ટ ભારતમાર્તંડ ગટ્ટુલાલજી જેવા ધુરન્ધર વિદ્વાન્તો થઇ ગયા છે; ને એ સંપ્રદાયના તુલજારામ ભટ્ટ ઇચ્છારામ ભટ્ટ ગંગાધર ભટ્ટ સરિખા નાગર તેમ જ અન્ય બ્રહ્મવિદ બ્રાહ્મણ અનુયાયીઓની યે વાગીશ્વરીની ઉપાસના અવગણના જેવી નથી. અને એ સૌએ એ ભગીરથ સાહિત્યસેવા કિયાયુગમાં કીધી છે ? ભારતવર્ષમાં સ્વાસ્થ્ય હતું ત્હારે ? સ્વાસ્થ્યમાં સાહિત્ય પાંગરે;ને મુગલવંશના મહારાજવીઓના સુવર્ણસમયમાં ભારતમાં સ્વાસ્થ્ય હતું. પણ તે પહેલાં ને તે પછી, ઇ. સ. ૧૫૨૬ ની પૂર્વે ને ઇ. સ. ૧૭૦૭ ની પછી, ભારત એકચક્રશૂન્ય ને અસ્વસ્થ હતો; ત્હારે યે વલ્લભકુળની સાહિત્યસેવા, જમનાનાં જલતી પેઠે, અવિરત ને અખંડવાહિની હતી. માત્ર ભારતવર્ષમાં જ નહીં, જગતના ઇતિહાસમાં એક સાક્ષરકુલ લેખે વલ્લભકુલની સાહિત્યસેવા અદ્વિતીય છે. યૂરોપમાં અમેરિકામાં આફ્રિકામાં એશિયામાં—પૃથ્વીના પડ ઉપર કોઇ સ્થળે એક જ વંશના વંશજોએ વલ્લભકુલે કીધી છે એવી ને એટલી ત્રણસોક વર્ષની સાહિત્યસેવા કીધી હોય તો વિદ્વજ્જનને આનન્દદાતા ઇતિહાસની એ નવકથા જાણીને શ્રી વલ્લભકુલ પણ આનન્દશે.

૫. સાહિત્યમાં જ માત્ર નહીં. કલાદેશમાં યે વલ્લભીય સંપ્રદાયની ભારતસેવા સન્માનનીય જ છે. વૈષ્ણવ માર્ગ રસમાર્ગ છે, ને એ રસમાર્ગની કલાભાવના સંપ્રદાયગ્રંથમાં અદ્વિતીય હોય તો આશ્ચર્ય શાનાં કહેવાય ? મધ્યયુગમાં ભારતનું શિલ્પ જૈનપંથે જાળવ્યું; અર્બુદાચળ ઉપરનાં જૈનમન્દિરો એના ચિરંજીવ સાક્ષીઓ છે. એક સ્થાપત્ય શિવાયની ભારતની અન્ય લલિત કલાઓ વૈષ્ણવોએ જાળવી ને ખિલાવી છે. કવિતા સંગીત ચિત્ર વસ્ત્રાભૂષણો શણગારવિધિ ફૂલમંડળી ભોગસામગ્રી ધૂપ અત્તર કુંકુમ કસ્તૂરી; સંસારસોહાવતી અનેકશા સોહાગવલ્લીઓનાં રસપુષ્પોને ભારતના મધ્યયુગમાં વૈષ્ણવ સંપ્રદાયે સંજીવનનાં જલ ન છાંટ્યાં હોત તો આર્યાવર્ત આજે આટલો સૌન્દર્યસોહામણો હોત ખરો કે ? રાજા માનના મન્દિર સરિખડા મથુરાવૃન્દાવનમાં સ્થાપત્યના યે બેનમૂન નમૂના વૈષ્ણવ ધનાઢ્યોએ માંડ્યા હતા. પણ ત્હેમના ખંડેર થતાં શિખરબન્ધ દેવમન્દિરને સ્થાને કુલધામ જેવી હવેલીઓમાં જ ઠાકોરસેવાની પ્રણાલિકા વૈષ્ણવભક્તજનોએ ઇષ્ટ માની ને સન્તોખાયા. આરાવલ્લીની પર્વતમાળની ગુફાઓમાં મહારાણા પ્રતાપે આર્યકુલરૂધીરની પવિત્રતા જાળવી; એ જ આરાવલ્લીની પર્વતમાળની છાયામાં મહારાણાજીના સદ્ગુરુઓએ આર્યાવર્તના ભક્તહૃદયમાંની ભક્તિભાવનાને અને સૌન્દર્યભાવના ને રસભાવનાનાં પ્રત્યક્ષ દર્શન કરાવતી લલિત કલાઓને સજીવન રાખી. વલ્લભકુલની ને વલ્લભસંપ્રદાયની ઇતિહાસસેવાઓ, એમના જાહોજલાલીના જમાનામાં તો, જગતના કોઇ સંપ્રદાયથી ઓછી કે ઉતરતી નથી. ને મધ્યાહ્ન પછી તો સૂર્યદેવનું યે તેજ એટલું ક્ય્હાં તપે છે ?

૬. યૂરોપનો ઇતિહાસ આપણે ભણ્યા ત્હેની છાંયડી આપણા ઇતિહાસના આભમાં પડી તેથી અનેક મહાભ્રમ જન્મ્યા છે; ને ત્હેમાંનો એક એ છે કે યૂરોપમાં મધ્યયુગ અન્ધકારયુગ મનાયો છે તેમ ભારતવર્ષનો યે મધ્યયુગ અન્ધકારયુગ હતો. આશ્ચર્ય તો એ છે કે ઇસ્લામે ને હિન્દુત્વે વિનાવિરોધે એ ભ્રમાક્ષેપ જાણે સ્વીકારી લીધો છે. રાણો સંગ રાણો પ્રતાપ ને શિવાજી મહારાજ જેવા હિન્દુપતના સંરક્ષક ને સમુદ્ધારક; દુર્ગાદાસ ભામાશાહ તાનાજી જેવા જગત્જોડલીદુર્લભ રાજમન્ત્રીઓ; તુલસીદાસજી સુરદાસજી રામદાસજી

તુકારામજી જેવા સન્ત ને કવિવરો; તાનસેન ને સુરદાસ જેવા સંગીતશાસ્ત્રીઓ; ગૌરાંગ પ્રભુ વલ્લભાચાર્યજી કબીરજી નાનકજી જેવા ધર્મસંસ્થાપકો હિન્દુત્વમાં થયા : અકબરશાહ જેવા અદ્વિતીય જગત્-શાહાનશાહ; નૂરજહાંન ને મુમતાઝમહેલ જેવી સંસ્કારિતાસોહવતી સૌન્દર્યરત્ન શાહાનશાહણો; દિલ્હી આગ્રા ફતેહપુર સીક્રીનાં આજે યે જયોચ્ચાર ઉચ્ચરતાં રાજભવનોનાં કાલભવ્ય માહાત્મ્યખંડેરો; ટોડરમલ જેવા શાણા સચીવ, અબુલ ફઝલ જેવા મહાનુભવ રાજમન્ત્રી, ખાનખાનાન ને રસખાન જેવા સાહિત્યરસિકો; શેખ સલીમ ચીસ્તી શેખ અહમદ ખટાઉ મુઅય્યુદ્દીન અજમેરી જેવા ઓલિયા ઇસ્લામમાં થયા; એ યુગ અન્ધકારનો હતો એમ ભાખનારા જ ખુદ અન્ધકારમાં નથી વસતા ? હિન્દુ ને ઇસ્લામી ભારતવર્ષના ઇતિહાસની સત્ય-કથનીનાં અજવાળાંથી એ નેત્રો અજવાળાય તો તેઓ જ નવું ને નિરાળું ભાખે. ભારતની જાહોજલાલીના મુગલ જમાનામાં વલ્લભકુલની યે પરમ જાહોજલાલી હતી, ને એ જગત્પ્રકાશસ્ફુરન્તા ભારત-મધ્યાહ્નમાં વલ્લભવંશ પણ પ્રકાશવન્તો જ હતો. ગોકુળ મથુરાં ને વૃન્દાવન એમનાં હતાં; જમનાનો મહિમા ગંગાથી યે એમણે અધિકો કીધો; દિલ્હીઆગ્રાની બાદશાહી જાહોજલાલીની વચ્ચે વલ્લભકુલનાં ધર્મસિંહાસન હતાં, ને એમની યે બીજી બાદશાહત હતી. મધ્યયુગમાં મુગલ બાદશાહતનો ઇસ્લામી રાજસૂર્ય પ્રકાશતો હતો ત્ય્હારે વલ્લભકુલનો ધર્મસૂર્ય પણ ભારતીય નભોમંડળમાં ઝળહળતો હતો. મયૂરાસન ને તાજમહેલના યુગને અન્ધકારયુગ ભાખનારને સૌન્દર્યની રસજ્યોત ઝીલનારાં ચક્ષુ છે ખરાં ? યૂરોપનો મધ્યયુગ અન્ધકારયુગ હશે; ભારતનું એ મધ્યાહ્ન તો હિન્દુત્વના ને ઇસ્લામના પ્રકાશથી બમણું પ્રકાશવન્તું હતું.

૭. વલ્લભીય વૈષ્ણવ સંપ્રદાય અને અર્વાચીન વૈષ્ણવ સંપ્રદાય ( બંગાળાની બ્રાહ્મસમાજ કે પૂનામુંબઇની પ્રાર્થનાસમાજ )—જૂના ને નવા ભક્તિમાર્ગોને સિદ્ધાન્તનાં સામ્યભેદ કેટકેટલાં છે એનો વિચારસાર નવયુગના સંસારહિતચિન્તકોએ કેટલોક કીધો છે ? ઉભય વૈષ્ણવ છે, ભક્તિમાર્ગી છે, સગુણ બ્રહ્મના ઉપાસક છે; ધ ઓ.

મિ. જસ્ટિસ રાનડે પોતાના સંપ્રદાયને ભાગવત ધર્મ કહેતા. હરિશરણ ઉભયને માન્ય છે. સમર્પણનો શ્રીમદ્ ભાગવતમાંનો શ્લોક પ્રાર્થના-સમાજીઓ પ્રત્યેક ઉપાસનાને અન્તે હજી ગાય છે. પુષ્ટિ—અનુગ્રહ—કૃપા-વાદ વૈષ્ણવોનો મહામન્ત્ર છેઃ બંગાળ બ્રાહ્મસમાજમાં ને પૂનામુંબઈ પ્રાર્થનાસમાજમાં પ્રત્યેક ઉપાસનાને અન્તે **ब्रह्मकृपा हि केवलम्**નું શ્રુતિવાક્ય ઉચ્ચારી ઉચ્ચારી આજે યે અનુભવાયછે. બ્રહ્માર્પણ ને બ્રહ્મસં-બંધ, બ્રહ્માંડનો રાસ, તન્મયતાની દશા, પ્રેમલક્ષણા ભક્તિઃબ્રાહ્મસમાજ તેમ જ પ્રાર્થનાસમાજને અસ્વીકાર્ય છે? શાણા પ્રાર્થનાસમાજીઓ મૂર્તિપૂજાને ખોટી નહીં, ગૌણ કહે છે; શ્રીમદ્ વલ્લભાચાર્યનું તેમ જ શ્રીમદ્ સ્વામીનારાયણનું શાસ્ત્રવચન છે કે માનસી પૂજા સર્વશ્રેષ્ટ છે. બ્રાહ્મસમાજ અવતારવાદ નથી માનતી, મૂર્તિપૂજા નથી માનતી, દૈવી ચમત્કારો નથી માનતી, કોઇ પણ શાસ્ત્રગ્રન્થને ઇશ્વરપ્રણીત નથી માનતી, પયગમ્બરવાદને નથી માનતી; એ સહુને અભ્રાન્ત માની શ્રદ્ધાશાળી નથી. એવી પંચવિધની નકારાત્મકતા બ્રાહ્મસમાજની છે. જૂના ભક્તિમાર્ગનાં પોતે માન્યાં તે બ્રાહ્મસમાજે અસત્યો ઉચ્ચાર્યાં; પણ વૈષ્ણવજગતે પૂર્વે ન ભાખેલું એવું ભક્તિમાર્ગનું મહાસત્ય બ્રાહ્મસમાજે નવું કીયું ઉચ્ચાર્યું કે સ્થાપ્યું? બ્રાહ્મસમાજ નવભક્તિમાર્ગ નથી, સર્વસારગ્રાહી ભક્તિમાર્ગ છે. સામ્યભેદના જમે ઉધારનાં પાસાંઓના સરવાળાબાદબાકી કરતાં અન્તે ઉભય પક્ષનું સામ્ય વધે છે કે અસામ્ય? એનો ઉત્તર આપવો અઘરો છે? બ્રાહ્મ-સમાજે ઉપાસનાવિધાન ખ્રીસ્તીઓનું સ્વીકાર્યું; નિષેધભાવ યૂનિટેરિયન સંપ્રદાયના લીધા; પણ નવભક્તિમાર્ગનાં પ્રાણઝરણાં તો જૂનાં વૈષ્ણવી અમૃતસરોવરમાંથી અવતર્યા છે. બાહ્યસ્વરૂપને ને પરિધાનને મેલ ચ્હડયો છે, જૂના ને નવા ઉભય વૈષ્ણવ માર્ગને; પણ તેથી મેલને મૂકી વસ્તુને નીન્દવી એ ન્યાય્ય નથી. મુંબઇપૂનાની પ્રાર્થના-સમાજે જ્ઞાતિબન્ધનને અનિષ્ટ ભાખે છે; અમદાવાદની ડાહી પ્રાર્થના-સમાજે એ વિષયમાં મૌન ગ્રહ્યું છે; બંગાળ બ્રાહ્મસમાજમાં બે પ્રકારના સભ્યો હોય છે, અનુષ્ઠાનિક ને અનનુષ્ઠાનિક; ને ત્હેમાં અનુષ્ઠાનિકો નાતજાતના બન્ધનનિયમો પાળતા નથી. જૈનોની

નૌકારશી કે વૈષ્ણવોના કંઠીબન્ધા આપણે ત્‍હાં જમે છે ત્‍હારે નાતજાત કેટકેટલીક પળાય છે ! ધર્મવતી સમર્પણીઓ પરસ્પરમાં એ સંસારસીમાઓને કેટકેટલો સ્વીકારે છે ? શું નવા કે શું જૂના વૈષ્ણવ સંપ્રદાયોમાં ધર્મભાવનાની ભરતીની રેલ એવી સંસારસીમાઓને ધોઇ નાંખતી નથી આવી ? સંસારના વિચ્છેદોને ધર્મનું ઐક્ય સદા સાંધતું જ આવ્યું છે; સંસારનાં–જગતનાં ભેદનાં ને દ્વૈતનાં ધર્મ તો અદ્વૈત જ રચતો આવ્યો છે.

૮. વૈષ્ણવ ભક્તનો ત્રિવિધ દશા પ્રેમી જનને તો સર્વવિદિત જ હોય; તાપ ક્લેશ ને આનન્દ. શ્રી હરિથી અળગા થયે થતું વિરહભાન, શ્રી હરિના વિરહાગ્નિને લીધે થતો વિરહસન્તાપ ને તાલાવેલી, અને શ્રી હરિના રસયોગથી થતો રસાનન્દઃ પ્રેમભક્તિના ભક્તજનોની એ ત્રિવિધ દશા પ્રેમીઓને તો સુગમ્ય જ છે. વૈષ્ણવી રસાનન્દની એ પરમ ભક્તદશા, ને બ્રહ્માનન્દની, Ecstacy ની, Mystics ની, સૂફીની સર્વોત્કૃષ્ટ સ્થિતિ, યોગીઓના યોગાનન્દની સ્થિતિથી નિરાળી છે ? રસશાસ્ત્રમાં વર્ણવેલી દૃગરૂચિ, સ્મૃતિ, અભિલાષ, ઉદ્વેગ, વ્યાધિ, પ્રલાપ, ઉન્માદ, જડતા, મૂર્છના ને તન્મયતા : એ દશે અવસ્થાઓ વધતીઓછી ભક્તજન અનુભવે છે, અને અન્તે તન્મયતા–તલ્લીનતા–યોગના પરમાનન્દને માણે છે. **रसो वै सः** એ પરમ શ્રુતિ ઉપર રસમાર્ગની, જગતની કવિતાની, પ્રેમલક્ષણા ભક્તિની હવેલીઓ ઉભી છે. મદ્રાસ મહારાષ્ટ્ર ગુજરાત બંગાળ રાજસ્થાન સંયુકત પ્રાન્તો પંજાબ સિન્ધુદેશ; સારા ભારતનો પ્રધાનમાર્ગ ભકિતમાર્ગ છે એટલું જ નહીં; ઇસ્લામનો ખ્રીસ્તીધર્મનો–સારા જગતના મહાધર્મોનો પ્રધાનમાર્ગ ભકિતમાર્ગ જ છે. ઇસ્લામના પ્રેમસંપ્રદાય-સૂફી વાદ સંગાથે વૈષ્ણવમાર્ગને સામ્યભેદ ઉભય છે. ફાકા કિનાઅત ને રિઝા–અપવાસ સન્તોષ ને તદાશ્રય એ ત્રિગુણાન્વિત સાધુજન તે ફકીર; ઇસ્લામની એ વ્યાખ્યા વૈષ્ણવોને પણ સન્માન્ય નથી ? સૂફીઓ તેમ જ વૈષ્ણવો સગુણ બ્રહ્મના ઉપાસક છે. તન્મયતાની વસ્લની યોગાનન્દની પરમ દશા ઉભય સંપ્રદાય સ્વીકારે છે. મુક્તિને–મોક્ષપ્રાપ્તિને ઉભય ગૌણ ગણે છે; શ્રી હરિ રાખે તેમ રહેવું એને પરમ

ભાવ માને છે. પ્રધાનભેદ એક છે કે વૈષ્ણવ સાંપ્રદાયિકો પોતે ગોપીભાવ ધરી શ્રી હરિને પ્રીતમભાવે ભજે છે; ત્હારે સૂફીવાદીઓ પોતે પ્રીતમભાવ ધરી શ્રી હરિને પ્રિયતમા તરીકે ભજે છે. નવધા ભક્તિથી અનોખી દશમી પ્રેમલક્ષણા ભક્તિને તો ઉભય ઉપાસે છે.

૯. ભારતકુલના ચારે મહદાચાર્યો દ્રવિડ દેશમાં પ્રગટયા એ હિન્દના ઇતિહાસનું આશ્ચર્ય નથી? જગતમાં એમણે દ્વૈત દીઠું, દ્વૈતના ક્લેશ દીઠા. એ દ્વૈતનો વિરહાગ્નિ હોલવાઇ અદ્વૈતયોગ શી વિધે અને કેટલો સધાય એ ચારે ય આચાર્યશ્રીની વિચારણાના પરમ પ્રશ્ન હતા. શાંકર વેદાન્ત, જ્ઞાનમાર્ગને અનુસરી, બુદ્ધિવાદથી અદ્વૈતાનુભવ સાધવા મથે છે; ત્હારે અન્ય આચાર્યત્રયી ભક્તિમાર્ગને અવલંબે છે; અને વલ્લભીય વેદાન્ત રસદ્વારા અદ્વૈતાનુભવ સાધવાનું ઉદ્દબોધે છે. અન્ય માર્ગ ખોટા કે બ્રહ્માંડગિરિને શિખરે બ્રહ્મમન્દિરે લઈ ન જનારા ભાખવાનો આશય ન જ હોય; પણ **રસદ્વારા રસેશ સાથે અદ્વૈતાનુભવનો રસાનન્દ** શિઘ્રે ને સરલતાથી પમાય એ મહાસત્ય કિયા રસિકજન અવમાનશે? અને એને કાજે પ્રેમલક્ષણા ભક્તિથી અન્યથા બ્રહ્મમાર્ગ જગતે હજી શોધ્યો ભક્તજનોએ જાણ્યો નથી. ગૌરાંગ પ્રભુ, જયદેવ કવિ, તુલસીદાસજી, સુરદાસજી, કબીરજી, નાનકજી, તુકારામ, રામદાસ, નરસિંહ, મીરાં: મહદાત્મન્ એ ભક્તરાજોનો એ જ પ્રેમમાર્ગ હતો; ને જગતલીલા પ્રવર્તશે ત્હાં સુધી જગતના ભક્તરાજો એ પ્રેમમાર્ગે જ હરિતીર્થે સંચરશે.

૧૦. મેલ ઉભયને ન્હડયા છે; અલ્પ કાળમાં નવભક્તિમાર્ગોને, દીર્ઘ કાળે જૂના ભક્તિમાર્ગોને. સોનાને ન્હડેલા મેલ ધોવાય માટે કેટલીક સૂચનાઓ કરવાની ધૃષ્ટતાની વાંચકગણ પાસે ક્ષમા પગરણમાં જ યાચી લઉં છું. સંપ્રદાયની મર્યાદાઓ સચવાય ને અણઉલંઘાયેલી રહે, અને આ સૂચનાઓ પળાય એમ કાંઇક થઇ શકતું હોય તો કરવું ઘટતું નથી? પ્રથમતઃ મન્દિરોમાં સ્ત્રીપુરુષનાં દર્શનદ્વાર નિરનિરાળાં થવાં ઇષ્ટ છે; ને સાંભળ્યા પ્રમાણે કેટલીક હવેલીઓમાં એમ થયું પણ છે. દશેક વર્ષ ઉપર રાજકોટની હવેલી મ્હારી સંભાળમાં

મૂકાઈ હતી ત્ય્હારે એ સત્પૃથા મ્હેં તો ત્ય્હાં આદરી હતી. બીજું; દર્શનનો સમય અલ્પ છે, લંબાવાય તો સારૂં નહીં? નિરનિરાળાં દર્શનવિધાનની પરંપરાનો નિત્યક્રમ જાળવીને દર્શનસમય પ્રલંબાવતાં કાંઈક મુશ્કેલી કેટલેક સ્થળે ઉઠવા સંભવ છે. પણ મુશ્કેલીમાં સન્માર્ગ કરે તે વીરને ધન્યવાદ છે; સુગમતાને માર્ગે તો સહુ કો સંચરે છે. ત્રીજું; સ્ત્રીવર્ગને બ્રહ્મસંબંધ વહુજી મહારાજો ને બેટીજી મહારાજો પાછાં આપતાં થાય તે આદરણીય નથી? વલ્લભકુલના સ્ત્રીવર્ગ પ્રત્યે ભક્તજનોને પરમ ભાવ છે, ને વિદૂષી બાઈઓ વલ્લભકુલમાં નથી એમ નથી. જાણું છું કે પૂર્વે આ પૃથા હતી; ને વહુજી મહારાજ પાસેથી બ્રહ્મસંબંધ લીધેલ સન્નારી હયાત છે ને ઓળખું છું. એ શુભ પૃથા આથમી હોય તો ત્હેને સજીવન કરવી સત્કાર્ય નથી? અને ચોથું: દર્શન ઉઘડતાં પૂર્વે સંપ્રદાયના સદ્ગ્રન્થોની સત્કથા વંચાવવાનો પ્રબન્ધ મન્દિરે મન્દિરે થાય તો દેવદર્શને આવનારાં નરનાર શાસ્ત્રબોધનાં ને જ્ઞાનભક્તિનાં બે વેણ પામીને ઘેર સિધાવે. આ સૂચનાઓમાં સંપ્રદાય વિરૂદ્ધનો ભાવ હોય તે મા ઝીલશો; સંપ્રદાયને અનુકૂળ હોય તે સ્વીકાર્યે, ત્હેના પ્રબન્ધ બાંધ્યે, લોકમનના ઘણા ભ્રમ ટળશે ને સોનાને ચ્હડેલી રજ ઉતરશે. સાંભળ્યું છે કે કેટલેક સ્થળે ને કેટલેક પ્રસંગે આ સૂચનાસત્ત્વ પળાય છે. તો તો પછી 'કેટલેક'ને છેકી ત્ય્હાં 'સર્વત્ર'ને પૂરવાનું જ એક રહે છે. વૈષ્ણવ સંપ્રદાયના અગ્રણીઓ વિચારશે?

૧૧. બાકી તોઃ સર્વ રસમાર્ગને પુણ્યપવિત્ર કેમ રાખવા એ ચિરકાળનો ભૂમંડળનો મહાપ્રશ્ન છે; અને આ અસંયમનના યુગમાં તો વળી સવિશેષ. નાટકશાળાઓમાં, સિનેમાશાળાઓમાં, 'ફેન્સી ફેરો'માં 'સુધારાવાળાઓ' સ્ત્રીપુરુષોના ભેગા મેળાવડાના હિમાયતીઓ છે. તેઓ જ વૈષ્ણવ સંપ્રદાયને સ્ત્રીપુરુષને અળગાં કરવાની ભલામણ કરે છે એ એમના મન્તવ્યનું ને કર્તવ્યનું વિરોધી નથી? સભાઓ સમારંભો વાર્તાઓ નવલકથાઓ કવિતા ધર્મ સંસાર: એ સહુના શુભચિન્તકોને આજે એ જ મહાપ્રશ્ન સન્મુખ ખડો છે કે તે તે

રસપ્રાન્તમાં રસ રસિકતા સુન્દરતા શી વિધે વધારવાં? અને તે ઉભરાતાં સરોવરનાં પાણી, નરલોક મહીં વણનિરોધ્યાં વસ્ત્ર ધૂવે ને મેલ ઉતારે છતાં, ડ્હોળાય નહીં ને નિર્મળાં રહે એ શી વિધે સાધવું? માનવીનું બન્ધારણ જ–દેહનું ને આત્માનું–એવું છે કે ઢોળાવે જલ્દી ઉતરે, ચ્હડાવે આહિસ્તા આહિસ્તા ચ્હડે. આપણા દેશમાં જ નહીં, સર્વત્ર ઉર્ધ્વગમન દુર્લભ છે, અધોગમન સુલભ છે. જૈનોએ નવ વાડ ને ચાર વ્રત સ્થાપ્યાં: વલ્લભાચાર્યજીએ વૈરાગ્ય ને નિરોધ ને સમર્પણ ભાખ્યાં: સ્વામી નારાયણે પંચ વર્તમાન પ્રવર્તાવ્યાં: એવાં સંયમનિયમનના સિદ્ધાન્ત નવભક્તિમાર્ગોમાં ક્યિા ક્યિા ને કેટલા છે? આજે તો જગતભરનો પ્રશ્ન એ છે કે રસમાર્ગોને પુણ્યમાર્ગ કેવી રીતે રાખવા? સંસારને સૌન્દર્યનાં સરોવર જોઇએ છીએ, પાપ નથી જોઇતાં; પ્રેમ ઘરઘરમાં પાંગરવા છે, પ્રેમનામી પાપાચરણના કૌવચ-કાતરા ઉગતા જ શી રીતે ડાંભવા? આ યુગમાં આત્મસંયમન ને ઇન્દ્રિનિગ્રહનાં મૂલ ઓછાં મૂલવાય છે. આપણા અપવાસીઓએ સુખની જાણે લૂંટાલૂંટ માંડી છે એવા આ અસંયમનના યુગમાં રસિકતાની છોળો કવિતામાં ઉછાળવી છે; પણ અધમતાને અળગી રાખવી કઇ રીતે? પાપવર્જીત સૌન્દર્યપુષ્પો સંસારવાડીએ શી વિધે પ્રફુલ્લાવવાં? અન્ધકારની વાદળછાંયડીવિહોણી રસચન્દ્રિકા ચોકે ચોકે કઇ વિધે અમી વર્ષતી કરવી? સંસારશાસ્ત્રીઓને એના ઉત્તર, આજે તેમ જ સદાસર્વદા, દુર્લભ જ ભાસ્યા છે. પુણ્યપાપના પ્રકાશ ને પડછાયા જગત ભરીને પડયા છે, ને જગતનાં સાહિત્ય સંસાર કવિતા ધર્મ રસિકતા સૌન્દર્ય તેથી પર નથી. આત્મશુદ્ધિના સૂર્યોદયનાં ભાણગાં યે અનાત્મશુદ્ધિમાં આથમ્યા છે. મ્હને લાગે છે–ને મ્હારી ઉગ્ર વાંછના છે કે મ્હારી એ માનીનતા ખોટી હોય; છતાં–મ્હને તો લાગે છે કે, પુણ્યવર્ચસ્વી વિરલી મહાવ્યક્તિઓને આપવાદ માનતાં, રાત્રીઓ ધોવાઇ અખંડ દિવસ જ્યારે ને જ્યહાં તપશે ત્યહારે ને ત્યહાં પાપધોવાયેલા સંસાર પ્રગટશે. શુભ ને પુણ્ય ને કલ્યાણ જગતભરમાં વિરલ છે. સંસાર એટલે જ પ્રપંચ. નિજનિજના અન્તરમાંની

ઝાળો ને પાય નીચેના અંગારા પ્રથમ અવલોકીને મનુષ્યો પરને આક્ષેપોના કાદવ છાંટવાનું રાખે તો જગતમાંથી પોણા ભાગ ઉપરના આક્ષેપો અને આક્ષેપકો અલોપ થાય. પણ એ સદ્બુદ્ધિની તિથિઓ કિયા દેશના કે કિયા સંસારનાં પંચાંગમાં શોધવી ?

ઇ. સ. ૧૯૨૫ ન્હાનાલાલ દલપતરામ કવિ

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | અર્પણ | પાનું ૭ |
| | પ્રસ્તાવના | ૯ |
| ગ્રન્થ | ૧ લો. શ્રી યમુનાષ્ટક | ૨૨ |
| ગ્રન્થ | ૨ જો. શ્રી બાલબોધ | ૨૬ |
| ગ્રન્થ | ૩ જો. શ્રી સિદ્ધાન્તમુક્તાવલિ | ૩૦ |
| ગ્રન્થ | ૪ થો. પુષ્ટિ–પ્રવાહ–મર્યાદાના ભેદ | ૩૬ |
| ગ્રન્થ | ૫ મો. શ્રી સિદ્ધાન્તરહસ્ય | ૪૨ |
| ગ્રન્થ | ૬ ઠ્ઠો. શ્રી નવરત્ન | ૪૪ |
| ગ્રન્થ | ૭ મો. અન્તઃકરણને પ્રબોધ | ૪૬ |
| ગ્રન્થ | ૮ મો. વિવેક ધૈર્ય ને આશ્રય | ૫૦ |
| ગ્રન્થ | ૯ મો. શ્રી કૃષ્ણાશ્રય | ૫૪ |
| ગ્રન્થ | ૧૦ મો. શ્રી ચતુઃશ્લોકી | ૫૮ |
| ગ્રન્થ | ૧૧ મો. શ્રી ભક્તિવર્દ્ધિની | ૬૦ |
| ગ્રન્થ | ૧૨ મો. જળના ભેદ | ૬૪ |
| ગ્રન્થ | ૧૩ મો. પંચ પદ્મો | ૭૦ |
| ગ્રન્થ | ૧૪ મો. સંન્યાસનો નિર્ણય | ૭૨ |
| ગ્રન્થ | ૧૫ મો. નિરોધનું લક્ષણ | ૭૮ |
| ગ્રન્થ | ૧૬ મો. શ્રી સેવાફળ | ૮૪ |
| | ટીકાઓ ને વૃત્તિઓ | ૮૬ |

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રણિત

# વૈષ્ણવી ષોડશ ગ્રન્થો

સમશ્લોકી ભાષાન્તર, મૂળ સાથે

## १, श्री यमुनाष्टकम्

नमामि यमुनामहं सकलसिद्धिहेतुं मुदा
मुरारिपदपंकजस्फुरदमन्दरेणूत्कटाम् ।।
तटस्थनवकाननप्रकटमोदपुष्पाम्बुना
सुरासुरसुपूजितः स्मरपितुः श्रियं बिभ्रतीम् ।। १ ।।

कलिन्दगिरिमस्तके पतदमन्दपूरोज्ज्वला
विलासगमनोल्लसत् प्रकटगंडशैलोन्नता ।।
सघोषगतिदन्तुराऽसमधिरूढदोलोत्तमा
मुकुन्दरतिवर्द्धिनी जयति पद्मबन्धोः सुता ।। २ ।।

भुवं भुवनपावनीमधिगतामनेकस्वनैः
प्रियाभिरिव सेवितां शुकमयूरहंसादिभिः ।
तरङ्गभुजकङ्कणप्रकटमुक्तिकावालुका-
नितम्बतट सुंदरीं नमत कृष्णतुर्यप्रियाम् ।। ३ ।।

अनंतगुणभूषिते शिवविरञ्चिदेवस्तुते
घनाघननिभे सदा ध्रुवपराशराभीष्टदे
विशुद्धमथुरातटे सकलगोपगोपीवृते
कृपाजलधिसंश्रिते मम मनः सुखं भावय ।। ४ ।।

यया चरणपद्मजा मुररिपोः प्रियंभावुका
समागमनतोऽभवत् सकलसिद्धिदा सेवताम् ।।
तया सदृशतामियात् कमलजा सपत्नीव यत्
हरिप्रियकलिन्दया मनसि मे सदा स्थीयताम् ।। ५ ।।

## ૧, શ્રી યમુનાષ્ટક

૧ ભરી હરિપદાંબુજે સ્ફુરી અનન્ત રેણુદળે,
તીરે નવવને ફૂલ્યાં ફૂલ, સુગન્ધઢોળ્યાં જળે
સુરાસુરપૂજિત, કામપિતુની શ્રીથી શોભન,
નમું હું યમુને! મુદે, સકળ સિદ્ધિનું કારણ.

૨ કલિન્દ ગિરિને શિરે પડત પૂરઘોષે દીપી,
વિલાસગતિ મ્હાલતી, પ્રગટ ગંડશૈલે ઉચી,
હિંડોલડગ ગાજતી, સુભગ પાલખી શું ચ્હડી!
હજો જય, રવિસુતે! પ્રભુજીની પ્રીતિવર્દ્ધિની.

૩ જગે જગતપાવની શું ઉતરી! સુકલ્લોલતી
મયૂરી શુકી હંસી શી સખીસભાથી સેવાયલી;
તરંગકરકંકણે દીપતી મોતી શી વેણુકા,
નિતંબતટ સુન્દરી, હરિની ચોથી વન્દો પ્રિયા.

૪ અનન્ત ગુણશોભતી, શિવ-વિરંચિ દેવે સ્તવી,
સુઘેરી ઘનકાન્તિની, ધ્રુવપરાશરો તોષતી,
વિશુદ્ધ મથુરા તટે, વીંટઇ ગોપગોપીકુલે,
કૃપાનિધિની શર્ણિલી મમ મનોરથોને પૂરે.

૫ સમાગમથી તાહરા હરિજી કેરી ગંગાજી યે
કરે પ્રિયની ભાવના, સકળ સિદ્ધિ દે ભક્તને;
સમોવડ કદી હશે તુજ સપત્ની લક્ષ્મી સમાં;
હરિજનની ભીડભંજક વસો મને માહરા.

नमोऽस्तु यमुने सदा तव चरित्रमत्यद्भुतं
न जातु यमयातना भवति ते पयःपानतः ।
यमोऽपि भगिनीसुतान् कथमुहन्ति दुष्टानपि
प्रियो भवति सेवनात् तव हरेर्यथा गोपिकाः ॥ ६ ॥

ममाऽस्तु तव सन्निधौ तनुनवत्वमेतावता
न दुर्लभतमा रतिर्मुररिपौ मुकुन्दप्रिये ॥
अतोऽस्तु तव लालना सुरधुनी परं संगमात्
तवैव भुवि कीर्तिता न तु कदापि पुष्टिस्थितैः ॥ ७ ॥

स्तुतिं तव करोति कः कमलजासपत्नि प्रिये
हरेर्यदनुसेवया भवति सौख्यमामोक्षतः ॥
इयं तव कथाधिका सकलगोपिकासंगम-
स्मरश्रमजलाणुभिः सकलगात्रजैः संगमः ॥ ८ ॥

तवाष्टकमिदं मुदा पठति सूरसुते सदा
समस्तदुरितक्षयो भवति वै मुकुन्दे रतिः ॥
तया सकलसिद्धयो मुररिपुश्च संतुष्यति
स्वभावविजयो भवेत् वदति वल्लभः श्रीहरेः ॥ ९ ॥



૬ પ્રણામું, યમુને ! ચરિત્ સદા તુજ મહાઅદ્‌ભુત;
ન તુજ જલપાનથી કદિ ય આવી પીડે યમ;
યમે ય નિજ, દુષ્ટ હોય પણ, શું હણે ભાણુજાં ?
થવાય પ્રિય કૃષ્ણને જ તુજ સેવી, ગોપી સમાં.

૭ ધરો તુજ સમીપ દેહ મુજ નૂતનશ્રી સદા,
ન દુર્લભ રજે હરિપ્રીતિ પછી, મુકુન્દપ્રિયા !
પીયુષિ ! પૂર લાડ એ; તુજ ભળ્યાથી ગંગા ય તે
જગે સુયશશાલિની: નહિ ય તો ન પુષ્ટિસ્થને.

૮ સધાય સુખ મોક્ષ સૂધી અનુસેવથી તાહરી;
શ્રી લક્ષ્મી તણી શોક્ય છો, હરિપ્રિયે ! શકે કો સ્તવી ?
કથા અધિકી ત્હારી આ, સકળ ગોપીના સંગના
સ્મરશ્રમિત અંગનાં જળકણો ઢળે તુજમાં.

૯ સદા ય રવિપુત્રિ ! આ તુજ ભણે મુદે અષ્ટક,
ટળે દૂરિત તેહનાં સહુ, ઠરે મુકુન્દે પ્રીત:
પૂરે સકળ સિદ્ધિઓ પ્રભુજી યે રીઝી; ને નર
સ્વભાવગુણને જીતે; શ્રી હરિનો ભણે વલ્લભ.

## २, बालबोधः

नत्वा हरिं सदानन्दं सर्वसिद्धान्तसंग्रहम् ।
बालप्रबोधनार्थाय वदामि सुविनिश्चितम् ॥ १ ॥

धर्मार्थकाममोक्षाख्याश्चत्वारोऽर्था मनीषिणाम् ॥
जीवेश्वरविचारेण द्विधा ते हि विचारिताः ॥ २ ॥

अलौकिकास्तु वेदोक्ताः साध्यसाधनसंयुताः ।
लौकिका ऋषिभिः प्रोक्तास्तथैवेश्वरशिक्षया ॥
लौकिकांस्तु प्रवक्षामि वेदादाद्या यतः स्थिताः ॥ ३ ॥

धर्मशास्त्राणि नीतिश्च कामशास्त्राणि च क्रमात् ।
त्रिवर्गसाधकानीति न तन्निर्णय उच्यते ॥ ४ ॥

मोक्षे चत्वारि शास्त्राणि लौकिके परतः स्वतः ॥ ५ ॥

द्विधा द्वे द्वे स्वतस्तत्र सांख्ययोगौ प्रकीर्तितौ ।
त्यागात्यागविभागेन सांख्ये त्यागः प्रकीर्तितः ॥ ६ ॥

अहंताममतानाशे सर्वथा निरहंकृतौ ।
स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते ॥ ७ ॥

तदर्थं प्रक्रिया काचित्पुराणेऽपि निरूपिता ।
ऋषिभिर्बहुधा प्रोक्ता फलमेकमबाह्यतः ॥ ८ ॥

अत्यागे योगमार्गो हि त्यागोऽपि मनसैव हि ।
यमादयस्तु कर्तव्याः सिद्धे योगे कृतार्थता ॥ ९ ॥

पराश्रयेण मोक्षस्तु द्विधा सोऽपि निरूप्यते ।
ब्रह्मा ब्राह्मणतां यातस्तद्रूपेण सुसेव्यते ॥ १० ॥

## ૨, બાળબોધ

૧ વન્દી હરિ સદાનન્દ, સાર સિદ્ધાન્ત સર્વનો
બાળકોના બોધ કાજે ભાખું છું હું સુનિશ્ચિત.

૨ ધર્મ અર્થ કામ મોક્ષ–શાણાના ચાર અર્થ એ;
જીવ ઈશ્વરના ભાવે એ વિચારાય બે વિધે.

૩ અલૌકિક તે વેદોક્ત, સાધ્યસાધન સાથના;
એવા છે ઈશ્વરપ્રેર્યાં ઋષિભાખ્યા જ લૌકિક.
વેદે પ્રવર્તે વેદોક્ત, માટે લૌકિક વર્ણું હું.

૪ ધર્મશાસ્ત્ર નીતિશાસ્ત્ર કામશાસ્ત્ર અનુક્રમે
ભાખે ત્રીઅર્થની સિદ્ધિ; ન ત્હેનો ક્હેશ મર્મ હું.

૫ લૌકિક મોક્ષનાં ચાર શાસ્ત્રો છે; પરતઃ; સ્વતઃ.

૬ બેનાં બે બે; સ્વતઃનાં ત્હ્યાં સાંખ્ય ને યોગ બે કહ્યાં,
ત્યાગ–અત્યાગના ભેદે; સાંખ્યમાં ત્યાગને કથ્યો.

૭ અહતા મમતા છાંડી, સૌ વિધે નિરહમ્ થઈ,
સ્વરૂપે જીવ ર્‌હે જ્યહારે, ત્યહારે ત્હેને કૃતાથ ક્‌હે.

૮ તદર્થે પ્રક્રિયા કૈં કૈં પુરાણોમાંહિ વર્ણવી,
નાના વિધે ઋષિઓએ; સેશ્વરે એક સૌ ફળે.

૯ અત્યાગે છે યોગમાર્ગ; ત્યાગે ત્હ્યાં માનસી જ છે;
યમાદિ છે ધર્મકર્મઃ યોગ સીધ્યે કૃતાર્થતા.

૧૦ ને પરાશ્રયનો મોક્ષ તે ય બે વિધનો કહ્યો;
બ્રહ્મા બ્રાહ્મણતા પામ્યે સુસેવાયે જ તે રૂપે.

ते सर्वार्था न चाद्येन शास्त्रं किंचिदुदीरितम् ।
अतः शिवश्च विष्णुश्च जगतो हितकारकौ ॥ ११ ॥

वस्तुनः स्थितिसंहारकार्यौ शास्त्रप्रवर्त्तकौ ।
ब्रह्मैव तादृशं यस्मात् सर्वात्मकतयोदितौ ॥
निर्दोषपूर्णगुणता तत्तच्छास्त्रे तयोः कृता ॥ १२ ॥

भोगमोक्षफले दातुं शक्तौ द्वावपि यद्यपि ।
भोगः शिवेन मोक्षस्तु विष्णुनेति विनिश्चयः ॥ १३ ॥

लोकेऽपि यत्प्रभुर्भुङ्क्ते तन्न यच्छति कर्हिचित् ।
अतिप्रियाय तदपि दीयते क्वचिदेव हि ॥ १४ ॥

नियतार्थप्रदानेन तदीयत्वं तदाश्रयः ।
प्रत्येकं साधनं चैतद्द्वितीयार्थे महान् श्रमः ॥ १५ ॥

जीवाः स्वभावतो दुष्टा दोषाभावाय सर्वदा ।
श्रवणादि ततः प्रेम्णा सर्वं कार्यं हि सिद्ध्यति ॥ १६ ॥

मोक्षस्तु विष्णोः सुलभो भोगश्च शिवतस्तथा ।
समर्पणेनात्मनो हि तदीयत्वं भवेद् ध्रुवम् ॥ १७ ॥

अतदीयतया चापि केवलश्चेत् समाश्रितः ।
तदाश्रयतदीयत्वबुद्ध्यै किंचित् समाचरेत् ॥
स्वधर्ममनुतिष्ठन् वै भारद्वैगुण्यमन्यथा ॥ १८ ॥

इत्येवं कथितं सर्वं नैतज्ज्ञाने भ्रमः पुनः ॥ १९ ॥



૧૧ ન પૂરે અર્થ સૌ બ્રહ્મા; શાસ્ત્રે કાંક કહેલું છે;
તેથી છે શિવ ને વિષ્ણુ વિશ્વના હિતકારકો.

૧૨ વસ્તુના સ્થિતિસંહારકર્તા, શાસ્ત્રપ્રવર્તક;
તાદૃશ બ્રહ્મ છે, માટે વર્ણ્યું સર્વાત્મભાવથી.
નિર્દોષ પૂર્ણગુણતા કહી તે તેજ શાસ્ત્રમાં.

૧૩ જો કે બન્ને ય આપે છે ભોગ ને મોક્ષનાં ફળો;
શિવથી ભોગ, ને મોક્ષ વિષ્ણુથી, એ સુનિશ્ચિત.

૧૪ લોકે યે સ્વામી જે માણે, તે ન આપે કદાપિ યે;
અતિશે પ્રિયને ત્હો યે આપે છે જ કદી કદી.

૧૫ નિર્મિયા અર્થ અર્પ્યેથી તદીયત્વ તદાશ્રય;
એહ સાધન સૌનું; ને અન્યથા છે વિટંબણા.

૧૬ જીવો સ્વભાવથી દુષ્ટ: દોષ એ ટાળવા સદા
શ્રવણાદિ કરવાં; તેથી પ્રેમે સધાય કાર્ય સૌ.

૧૭ મોક્ષ સુલભ વિષ્ણુથી, ભોગ તો સ્હેલ શિવથી;
આત્મસમર્પણે થાય તદીયત્વ સદાયનું.

૧૮ તદીયત્વ ન હો ત્હો યે થવું માત્ર સુઆશ્રિત.
તદીયત્વ — તદાશ્રય કરવાં બુદ્ધિપૂર્વક,
સદા સ્વધર્મ પાળીને: અન્યથા ભાર બે ગણો.

૧૯ કહ્યું સૌ આ; ન એ જાણ્યે કો ફરી ભ્રમમાં પડે.

## ३, सिद्धान्तमुक्तावलिः

नत्वा हरिं प्रवक्षामि स्वसिद्धान्तविनिश्चयम् ।
कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता ॥ १ ॥

चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा ।
ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् ॥ २ ॥

परं ब्रह्म तु कृष्णो हि सच्चिदानंदकं बृहत् ।
द्विरुपं तद्धि सर्वं स्यादेकं तस्माद्विलक्षणम् ॥ ३ ॥

अपरं तत्र पूर्वस्मिन् वादिनो बहुधा जगुः ।
मायिकं सगुणं कार्यं स्वतंत्रं चेति नैकधा ॥ ४ ॥

तदेवैतत्प्रकारेण भवतीति श्रुतेर्मतम् ।
द्विरुपं चापि गंगावज्ज्ञेयं सा जलरूपिणी ॥ ५ ॥

माहात्म्यसंयुता नृणां सेवतां भुक्तिमुक्तिदा ।
मर्यादामार्गविधिना तथा ब्रह्माऽपि बुद्ध्यताम् ॥ ६ ॥

तत्रैव देवता मूर्तिर्भक्त्या या दृश्यते क्वचित् ।
गंगायां च विशेषेण प्रवाहाभेदबुद्धये ॥ ७ ॥

प्रत्यक्षा सा न सर्वेषां प्राकाम्यं स्यात्तया जले ।
विहिताच्च फलात्तद्धि प्रतीत्याऽपि विशिष्यते ॥ ८ ॥

## ૩, સિદ્ધાન્તમુક્તાવલિ

૧ ભાખું છું, હરિને વન્દી, નિજ સિદ્ધાન્ત નિશ્ચય.
નિત્યે કરવી કૃષ્ણુસેવા; ત્હેમાં યે શ્રેષ્ટ માનસી.

૨ ચિત્ત પ્રોવાવું તે સેવા; દેહે-ધને સધાય તે;
શમે તેથી જગદ્દુઃખો, ને જાગે બ્રહ્મબોધન.

૩ શ્રી કૃષ્ણુ જ પરબ્રહ્મ, સચ્ચિદાનન્દ અક્ષર;
ત્હેનાં બે રૂપ—આ વિશ્વ, બીજું તેથી વિલક્ષણુ.

૪ એ પ્હેલા રૂપ પરત્વે વાદીઓ બહુધા વદે;
માયિક, સગુણ, કાર્ય, સ્વતન્ત્ર, ને અનેકધા.

૫ અને તે આ પ્રકારે જ થાય એમ શ્રુતિ ભણે;
ત્હેનાં બે રૂપ, ગંગાવત્, જાણવાં; જલરૂપ, ને

૬ મહાત્મ્ય સાથ સેવન્તા નરને ભોગમોક્ષદા,
મર્યાદા માર્ગની રીતે; એમ બ્રહ્મ જ જાણવું.

૭ ન્હેણે અભેદબુદ્ધિથી, કે ભક્તિથી કવચિત્ ત્યહાં
દેખાયે મૂર્તિ દેવીની, ગંગામાં તો વિશેષતઃ,

૮ ન તે દેખાય સર્વેને; તે તો પ્રાકામ્ય છે જળે;
શાસ્ત્રભાખ્યાં ફળોથી ને પ્રતીતિથી ય તે વધે.

यथा जलं तथा सर्वं यथा शक्ता तथा बृहत्
यथा देवी तथा कृष्णः तत्राप्येतदिहोच्यते ॥ ९ ॥

जगत्तु त्रिविधं प्रोक्तं ब्रह्मविष्णुशिवास्ततः
देवतारूपवत्प्रोक्ता ब्रह्मणीत्थं हरिर्मतः ॥ १० ॥

कामचारस्तु लोकेऽस्मिन् ब्रह्मादिभ्यो न चाऽन्यथा ।
परमानन्दरूपे तु कृष्णे स्वात्मनि निश्चयः ॥
अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ॥ ११ ॥

आत्मनि ब्रह्मरुपे हि छिद्रा व्योम्नीव चेतनाः ।
उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने ॥ १२ ॥

गंगातीरस्थितो यद्वद्देवतां तत्र पश्यति ।
तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन्ज्ञानी प्रपश्यति ॥ १३ ॥

संसारी यस्तु भजते स दूरस्थो यथा तथा ॥
अपेक्षितजलादीनामभावात्तत्र दुःखभाक् ॥ १४ ॥

तस्माच्छ्रीकृष्णमार्गस्थो विमुक्तः सर्वलोकतः ।
आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिंतयेत् ॥ १५ ॥

लोकार्थी चेद्भजेत्कृष्णं क्लिष्टो भवति सर्वथा ।
क्लिष्टोपि चेद्भजेत्कृष्णं लोका नश्यति सर्वथा ॥ १६ ॥

ज्ञानाऽभावे पुष्टिमार्गी तिष्ठेत्पूजोत्सवादिषु ।
मर्यादास्थस्तु गङ्गायां श्रीभागवततत्परः ॥ १७ ॥

अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः ॥ १८ ॥



૯ જેમ પાણી, તેમ વિશ્વ; ને શક્તિ, તેમ અક્ષર;
જેમ દેવી, તેમ કૃષ્ણ; ત્હો યે કહું છું એટલું.

૧૦ ત્રિવિધ વિશ્વને ભાખ્યું; ને બ્રહ્મા વિષ્ણુ ને શિવ
અધિદેવ રૂપે ભાખ્યા; બ્રહ્મમાં જ હરિ ગણ્યા.

૧૧ ને કામાચાર આ લોકે બ્રહ્માદિથી, ન અન્યથા;
પરમાનન્દ રૂપે તે કૃષ્ણમાં–નિજ આત્મમાં.
તો બ્રહ્મવાદથી બુદ્ધિ શ્રી કૃષ્ણમાં ઠરાવવી.

૧૨ આત્મત્વે તોઃ છિદ્ર આભે, બ્રહ્મમાં તેમ ચેતનાઃ
અવિદ્યાનાશે વિજ્ઞાન આત્મામાં બ્રહ્મબોધનું.

૧૩ ગંગાતીરે વસ્યો જેમ પેખે ત્હાં દેવીમૂર્તિને,
તેમ કૃષ્ણ પરબ્રહ્મ પોતામાં જ્ઞાની પેખતો.

૧૪ ગંગાથી દૂરવાસી કો જેમ વાંછે જલાદિને,
ના મળ્યે દુઃખને પામેઃ ત્હેવું સંસારી ભક્તનું.

૧૫ માટે શ્રી કૃષ્ણનો ભક્ત, છૂટી આ લોક સર્વથી
આત્માનન્દસમુદ્રે જ વસી શ્રી કૃષ્ણને ભજે.

૧૬ લોકાર્થે જે ભજે કૃષ્ણ, પામે તે કલેશ સર્વથા;
કલેશ છતાં ભજે કૃષ્ણ, તો ભાગે લોક સર્વથા.

૧૭ જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી રહે પૂજાઉત્સવાદિમાં;
મર્યાદી રહે ગંગતીરે ભાગવતપરાયણ.

૧૮ મર્યાદા એઃ પુષ્ટિમાર્ગે અનુગ્રહ નિયામક.

उभयोस्तु क्रमेणैव पूर्वोक्तैव फलिष्यति ।
ज्ञानाधिको भक्तिमार्ग एवं तस्मान्निरूपितः ॥ १९ ॥

भक्त्यभावे तु तीरस्थो यथा दुष्टैः स्वकर्मभिः ।
अन्यथाभावमापन्नस्तस्मात्स्थानाच्च नश्यति ॥ २० ॥

एवं स्वशास्त्रसर्वस्वं मया गुप्तं निरूपितम् ।
एतद्बुद्ध्वा विमुच्येत पुरुषः सर्वसंशयात् ॥ २१ ॥



૧૯ ક્રમે ક્રમે એ બન્નેને પૂર્વે ભાખેલું સૌ ફળે.
જ્ઞાનાધિકો ભક્તિમાર્ગ, તેથી છે એમ વર્ણવ્યો.

૨૦ ભક્તિહીણો તીરવાસી, પામીને ભાવ અન્યથા,
પડે છે તેહ સ્થાનેથી; જેમ દુષ્ટ સ્વકર્મથી.

૨૧ એમ સ્વશાસ્ત્રનો સાર ગુપ્ત આ વર્ણવ્યો જ મ્હેં;
એહ જાણી મનુષ્યો સૌ છૂટે સૌ સંશયો થકી.

## ४, पुष्टिप्रवाहमर्यादा ग्रन्थः

पुष्टिप्रवाहमर्यादा विशेषेण पृथक् पृथक् ।
जीवदेहक्रियाभेदैः प्रवाहेण फलेन च ॥
वक्ष्यामि सर्वसंदेहा न भविष्यंति यच्छुतेः ॥१॥
भक्तिमार्गस्य कथनात्पुष्टिरस्तीति निश्चयः ॥२॥

"द्वौ भूतसर्गा" वित्युक्तेः प्रवाहोऽपि व्यवस्थितः ।
वेदस्य विद्यमानत्वान्मर्यादाऽपि व्यवस्थिता ॥३॥

कश्चिदेव हि भक्तो हि "यो मद्भक्त" इतीरणात् ।
सर्वत्रोत्कर्षकथनात्पुष्टिरस्तीति निश्चयः ॥४॥

न सर्वोऽतः प्रबाहाद्धि भिन्नो वेदाच्च भेदतः ।
यदा यस्येति वचनान्नाहं वेदैरितीरणात् ॥५॥

मार्गैकत्वेऽपि चेदंत्यौ तनू भक्त्यागमौ मतौ ।
न तद्युक्तं सूत्रतो हि भिन्नो युक्त्या हि वैदिकः ॥६॥

जीवदेहकृतीनां च भिन्नत्वं नित्यता श्रुतेः ।
यथा तद्वत्पुष्टिमार्गे द्वयोरपि निपेधतः ॥७॥

प्रमाणभेदाद्भिन्नो हि पुष्टिमार्गो निरूपितः ॥८॥

सर्गभेदं प्रवक्ष्यामि स्वरूपांगक्रियायुतम् ॥९॥

इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान्हरिः ।
वचसा वेदमार्गं हि पुष्टीं कायेन निश्चयः ॥१०॥

## ૪, પુષ્ટિ–પ્રવાહ–મર્યાદાના ભેદ

૧ પુષ્ટિ પ્રવાહ મર્યાદા, વિશેષેથી જૂદાં જૂદાં,
જીવ–દેહ–ક્રિયાભેદે, ફળ–પ્રવાહભેદથી,
ભાખું છું; સર્વ સન્દેહો શમી જાયે જ જે સુણ્યે.

૨ ભક્તમાર્ગ કહ્યો છે, તો પુષ્ટિમાર્ગ જ છે ખરે.

૩ 'દ્વૌ ભૂતસર્ગૌ' એ શબ્દે પ્રવાહે નિર્મિયો જ; ને
વર્તે છે વેદની આણ, તો મર્યાદા સ્થપાઈ છે.

૪ 'યો મદ્ભક્તઃ' કહ્યું તેથી ભક્ત તો હોય કોક જ;
'સર્વત્રોત્કર્ષ' ભાખ્યો, તો પુષ્ટિ છે એ જ નિશ્ચય.

૫ 'ન સૌ ત્યહાં;' તો પ્રવાહથી ભિન્ન, ને ભિન્ન વેદથીઃ
'યદા યસ્ય' એ શબ્દે, ને 'નાહં વેદૈઃ' જ વાક્યથી.

૬ માર્ગ એક જ, છેલ્લાં બે અંગ કો ભક્તિના ભણે;
ન તે ન્યાય્યઃ વૈદિકથી ભિન્ન એ સૂત્ર–યુક્તિથી.
( આ સા પૂર્વમીમાંસાં ને ઉત્તરમીમાંસાનાં સૂત્રો છે. )

૭ જીવ–દેહ–કૃતિની ક્હે ભિન્નતા નિત્યતા શ્રુતિ;
તેમ જ પુષ્ટિમાર્ગે યે, બન્નેના યે નિષેધથી.

૮ પ્રમાણભેદથી ભિન્ન નિરૂપ્યો પુષ્ટિમાર્ગ આ.

૯ રૂપ અંગ ક્રિયા સાથે સર્ગભેદ કહું હવે.

૧૦ મનની માત્ર ઇચ્છાથી હરિ સર્જે પ્રવાહને;
વાણીથી જ વેદમાર્ગ, કાયાથી પુષ્ટિને ખરે.

मूलेच्छातः फलं लोके वेदोक्तं वैदिकेऽपि च ।
कायेन तु फलं पुष्टौ भिन्नेच्छातोऽपि नैकता ॥११॥

"तानहं द्विषतो' वाक्याद्भिन्ना जीवाः प्रवाहिणः ।
अत एवेतरौ भिन्नौ सान्तौ मोक्षप्रवेशतः ॥१२॥

तस्माज्जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः ।
भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ॥१३॥

स्वरूपेणावतारेण लिंगेन च गुणेन च ।
तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा ॥१४॥

तथापि यावता कार्यं तावत्तस्य करोति हि ॥१५॥

ते हि द्विधा शुद्धमिश्रभेदान्मिश्रास्त्रिधा पुनः ।
प्रवाहादिविभेदेन भगवत्कार्यसिद्धये ॥१६॥

पुष्ट्या विमिश्राः सर्वज्ञाः प्रवाहेण क्रियारताः ।
मर्यादया गुणज्ञास्ते शुद्धाः प्रेम्णातिदुर्लभाः॥१७॥

एवं स्वर्गस्तु तेषां हि फलं त्वत्र निरूप्यते ॥१८॥

भगवानेव हि फलं स यथाऽऽविर्भवेद् भुवि ।
गुणस्वरूपभेदेन तथा तेषां फलं भवेत् ॥१९॥

आसक्तौ भगवानेव शापं दापयति क्वचित् ।
अहंकारेऽथवा लोके तन्मार्गस्थापनाय हि ॥२०॥

न ते पाषण्डतां यान्ति न च रोगाद्युपद्रवाः ।
महानुभावाः प्रायेण शास्त्रं शुद्धत्वहेतवे ॥२१॥



૧૧ મૂળેચ્છાથી ફળ લોકે, વેદભાખ્યું જ વૈદિકે;
પુષ્ટિમાં ફળ કાયાથીઃ ઇચ્છાભેદે ન એકતા.

૧૨ 'તાનહં દ્વિષતો' વાક્યે પ્રવાહી જીવ ભિન્ન છે;
ને તેથી અન્ય બે ભિન્ન, શાન્ત મોક્ષ પ્રવેશવે.

૧૩ માટે નિઃશંક સૌ જીવો ભિન્ન ફહે પુષ્ટિમાર્ગમાં;
હરિરૂપની સેવાર્થે સર્જાવાનું, ન અન્યથા.

૧૪ સ્વરૂપે કે અવતારે, લિંગે કે ગુણથી નથી
તારતમ્ય; સ્વરૂપે કે દેહે કે ન ક્રિયા વિશે.

૧૫ તથાપિ જેટલું કાર્ય, તેટલું ત્હેનું તે કરે.

૧૬ શુદ્ધ ને મિશ્રના ભેદે તે દ્વિધા; મિશ્ર તો ત્રિધા
પ્રવાહાદિ વિભેદોથીઃ લીલા હરિની સાધવા.

૧૭ પુષ્ટિમિશ્ર જ સર્વજ્ઞો, કર્મસંગી પ્રવાહી, ને
ગુણજ્ઞો મર્યાદામિશ્રઃ વિરલા શુદ્ધ પ્રેમીઓ.

૧૮ એમ સર્ગ કહ્યોઃ હાવાં વર્ણવું ફળને અહીં.

૧૯ હરિ જ ફળ છે સૌનુંઃ તે ભોમે જેમ ઉતરે
ગુણસ્વરૂપના ભેદે, ફળે મળે જ તેહવાં.

૨૦ અપાવે છે હરિ શાપ આસક્તોને કદી કદી,
ને અહંકારીને યે; કે લોકે સ્વમાર્ગ સ્થાપવા.

૨૧ ન તે પાખંડતા પામે, ન તે પીડાય રોગથી;
પ્રાયઃ મહાનુભાવો તેઃ શાપ તો શુદ્ધિકારણે.

भगवत्तारतम्येन तारतम्यं भजन्ति हि ॥२२॥

वैदिकत्वं लौकिकत्वं कापट्यात्तेषु नान्यथा ।
वैष्णवत्वं हि सहजं ततोऽन्यत्र विपर्ययः ॥२३॥

संबंधिनस्तु ये जीवाः प्रवाहस्थास्तथापरे
चर्षणीशब्दवाच्यास्ते ते सर्वे सर्ववर्त्मसु ॥२४॥

क्षणात्सर्वत्वमायांति रूचिस्तेषां न कुत्रचित् ।
तेषां क्रियाऽनुसारेण सर्वत्र सकलं फलम् ॥२५॥

प्रवाहस्थान्प्रवक्ष्यामि स्वरूपांगक्रियायुतान् ॥२६॥

जीवास्ते ह्यासुराः सर्वे प्रवृत्तिं चेति वर्णिताः ।
ते च द्विधा प्रकीर्त्यन्ते ह्यज्ञदुर्ज्ञविभेदतः ॥२७॥

दुर्ज्ञास्ते भगवत्प्रोक्ता ह्यज्ञास्ताननु ये पुनः ॥२८॥

प्रवाहेऽपि समागत्य पुष्टिस्थस्तैर्न युज्यते ।
सोऽपि तैस्तत्कुले जातः कर्मणा जायते ततः ॥२९॥

✽



૨૨ હરિકીધા તારતમ્યે ભજે તે તારતમ્યને.

૨૩ વૈદિક લૌકિક ભાવ કપટે થાય, ન અન્યથા;
સ્હેજ તો વૈષ્ણવી ભાવઃ તેથી અન્યે જ ઉલટું.

૨૪ પ્રવાહ૦હેતા કે બીજા જીવો સંબંધીઓ જ જે,
ચર્ષણી નામના તેહઃ સૌ તે સૌ માર્ગમાં ભમે.

૨૫ ક્ષણ સર્વત્વ પામે, ને રુચિ ક્યહાં યે ન ત્હેમની;
સદા ફળભાગ ત્હેવાંને મળે ક્રિયા સમોવડા.

૨૬ રૂપ-અંગ-ક્રિયા સાથે પ્રવાહવાહી વર્ણું હું.

૨૭ 'પ્રવૃતિ' શ્લોકથી વર્ણ્યા જીવો સૌ આસુરી જ તે;
ને તે બે વિધના ભાખ્યા; અજ્ઞ, દુર્જ્ઞ જ, ભેદતઃ.

૨૮ દુર્જ્ઞ તો હરિભાખ્યા તે; અજ્ઞ ત્હેને અનુસરે.

૨૯ પુષ્ટિવસ્યો પ્રવાહે યે પડે ત્હો યે ન ત્ય્હાં ભળે;
કર્મથી જન્મ છે, માટે જન્મે તે આસુરી કુળે.

✽

દેખીતી રીતે જ આ ગ્રન્થ અધૂરો રહ્યો ભાસે છે;
ને એમ અધૂરો જ પ્રાપ્ત થાય છે.

## ५, सिद्धान्तरहस्यः

श्रावणस्याऽमले पक्षे एकादश्यां महानिशि ।
साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥१॥

ब्रह्मसंबंधकरणात् सर्वेषां देहजीवयोः ।
सर्वदोषनिवृत्तिर्हि दोषाः पंचविधाः स्मृता ॥२॥

सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः ।
संयोगजाः स्पर्शजाश्च न मन्तव्याः कथंचन ॥३॥

अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथञ्चन ।
असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥४॥

निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः ।
न मतं देवदेवस्य सामिभुक्तं समर्पणम् ॥५॥

तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ॥६॥

दत्ताऽपहारवचनं तथा च सकलं हरेः ।
न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम् ॥७॥

सेवकानां यथा लोके व्यवहारः प्रसिद्ध्यति ।
तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ॥८॥

गङ्गात्वं सर्वदोषाणां गुणदोषादिवर्णना ।
गङ्गात्वेन निरूप्या स्यात्तद्वदत्रापि चैव हि ॥९॥

## ५, સિદ્ધાન્તરહસ્ય

૧ એકાદશી મહારાત્રે શ્રાવણે શુક્લ પક્ષમાં
સાક્ષાત્ ભગવાને ભાખ્યું, એહ અક્ષરશઃ કહું.

૨ બ્રહ્મસંબંધ કીધાથી સર્વે યે દેહજીવના
સૌ દોષો જ નિવારાયે. દોષ છે પંચ વિધના:

૩ જન્મસંગી, લોકવેદે વર્ણ્યા તે દેશકાળના;
સંયોગજા, સ્પર્શજન્મ્યાઃ અન્ય કો માનવા નહીં.

૪ નથી એ સહુ દોષોનું અન્યથા કો નિવારણ:
વણસમર્પી વસ્તુઓ તે માટે સર્વ વર્જવી.

૫ સમર્પણી સમર્પી સૌ કરે, મર્યાદ એ જ છે;
દેવના દેવને ન્હોયે અર્ધમાણ્યું સમર્પવું.

૬ તેથી સૌ કાર્યમાં પ્હેલ્લું સૌ વસ્તુનું સમર્પણ.

૭ ‘દીધું ન લેવું’ એ વાકય, તથા ‘સૌ હરિનું ય તે
અગ્રાહ્ય’ વેણ એઃ તે તો બીજા કો અર્થમાં કહ્યાં.

૮ સેવકનો જેમ લોકે જાણીતો વ્યવહાર છે,
સમર્પી કરવું તેમ; પામે સૌ તેથી બ્રહ્મતા.

૯ સૌ દોષો ય ગંગરૂપ; ગુણદોષાદિ આદિમાં
ગંગાત્વે જ વર્ણવાયા; એ રીતે જ અહીં ય તે.

## ६, नवरत्नः

चिन्तासन्तापहन्तारो यत्पादाम्बुजरेणवः ।
स्वीयाना तान् निजाचार्यान् प्रणमामि मुहुर्मुहुः ॥

चिन्ता काऽपि न कार्या निवेदितात्मामिः कदाऽपीति ।
भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकीं च गतिम् ॥

निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः ।
सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति ॥२॥

सर्वेषां प्रभुसंबंधो न प्रत्येकमिति स्थितिः ।
अतोऽन्यविनियोगेऽपि चिंता का स्वस्य सोऽपि चेत् ॥

अज्ञानादथवा ज्ञानात्कृतमात्मनिवेदनम् ।
यैः कृष्णसात्कृतप्राणैस्तेषां का परिदेवना ॥४॥

तथा निवेदने चिंता त्याज्या श्री पुरुषोत्तमे ।
विनियोगेऽपि सा त्याज्या समर्थो हि हरिः स्वतः ॥५॥

लोके स्वास्थ्यं तथा वेदे हरिस्तु न करिष्यति ।
पुष्टिमार्गस्थितो यस्मात्साक्षिणो भवताऽखिलाः ॥६॥

सेवाकृतिर्गुरोराज्ञाऽबाधनं वा हरीच्छया ।
अतः सेवापरं चित्तं विधाय स्थियतां सुखम् ॥७॥

चित्तोद्वेगं विधायाऽपि हरिर्यद्यत्करिष्यति ।
तथैव तस्य लीलेति मत्वा चिन्तां द्रुतं त्यजेत् ॥८॥

तस्मात्सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ।
वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः ॥९॥

## ૬, શ્રી નવરત્ન

જે પાદામ્બુજની રેણુ ચિન્તાની ઝાળ બૂઝવે
પોતાનાંની, વન્દુ મ્હારા એ આચાર્ય વળી વળી.

૧ કંઇ યે ચિન્તા કદિ યે આત્મનિવેદી જને નહીં કરવી;
હરિ ય રહે પુષ્ટિમાં; લૌકિક શી ગતિ એ કદિ નવ કરશે.

૨ સદા યે તાદૃશી ભક્તે સ્મરવાનું નિવેદન;
તે સર્વેશ્વર સર્વાત્મા સ્વેચ્છાથી પૂરશે સહુ.

૩ સૌનો જ પ્રભુસંબંધ, પ્રત્યેકનો ન—એમ છે;
તો કોના વિનિયોગે યે ચિન્તા શી ?—નિજ એ ય જો ?

૪ અજ્ઞાને અથવા જ્ઞાને કર્યું આત્મનિવેદન,
શ્રી કૃષ્ણમાં પ્રાણ પ્રોયા, ત્હેને ચિન્તા કશી પછી ?

૫ ચિન્તા શ્રી હરિને કીધા નિવેદનની ય ત્યાગવી;
વિનિયોગે ય તજવી તે; હરિ પોતે સમર્થ છે.

૬ સ્વસ્થતા લોક કે વેદે શ્રી હરિ તો નહીં કરે;
પુષ્ટિમાર્ગે રહ્યા તેથી; માટે સૌ થાવ સાક્ષીઓ.

૭ ગુર્વાજ્ઞા પાળીને સેવા કરવી, વા હરીચ્છયા;
તેથી રહેવું સુખે, રાખી ચિત્ત સેવાપરાયણ.

૮ ચિત્તોદ્વેગ થવે યે એ 'હરિ જે જે કરે છ, તે
લીલા છે ત્હેનીઃ' માનીને ચિન્તાને સદ્ય છાંડવી.

૯ તો સદા સર્વાત્મભાવે **'શ્રી कृष्णः शरणं मम'**
એ અખંડ ઉચ્ચરતા રહેવુંઃ એ મતિ માહરી.

## ७, अन्तःकरणप्रबोधः

अन्तःकरण मद्वाक्यं सावधानतया श्रुणु ।
कृष्णात् परं नास्ति दैवं वस्तुतो दोषवर्जितम् ॥१॥

चाण्डाली चेद्राजपत्नी जाता राज्ञा च मानिता ।
कदाचिदपमाने वा मूलतः का क्षतिर्भवेत् ॥२॥

समर्पणादहं पूर्वमुत्तमः किं सदा स्थितः ।
का ममाऽधमता भाव्या पश्चात्तापो यतो भवेत् ॥३॥

सत्यसङ्कल्पतो विष्णुर्नान्यथा तु करिष्यति ।
आज्ञैव कार्या सततं स्वामिद्रोहोऽन्यथाभवेत् ॥४॥

सेवकस्य तु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति ॥५॥

आज्ञा पूर्वं तु या जाता गंगासागरसंगमे ।
याऽपि पश्चान्मधुवने न कृतं तद्द्वयं मया ॥
देहदेशपरित्यागस्तृतीयो लोकगोचरः ॥६॥

पश्चात्तापः कथं तत्र सेवकोऽहं न चाऽन्यथा ॥७॥

लौकिकप्रभुवत्कृष्णो न द्रष्टव्यः कदाचन ।
सर्वं समर्पितं भक्त्या कृतार्थोसि सुखी भव ॥८॥

प्रौढापि दुहिता यद्वत्स्नेहान्न प्रेष्यते वरे ॥
तथा देहे न कर्तव्यं वरस्तुष्यति नान्यथा ॥९॥

## ૭, અન્તઃકરણને પ્રબોધ

૧ સાવધાન ! સુણ મ્હારૂં, અન્તઃકરણ ! વેણ આ;
કૃષ્ણથી પર ના દેવ વસ્તુતઃ દોષવર્જિત.

૨ ચંડાળી કો રાજરાણી થાય રાજાની માનીતી,
ને કદી અવમાની, તો મૂળથી ઓછું શું થયું ?

૩ સમર્પણ પૂર્વે શું હું સદા સારો રહ્યો હતો ?
શી એવી હીનતા મ્હારી ?—પસ્તાવો થાય જે લીધે !

૪ સત્યસંકલ્પી વિષ્ણુ તો અન્યથા કરશે નહીં;
તો આજ્ઞા પાળવી નિત્યેઃ છે સ્વામીદ્રોહ અન્યથા.

૫ ધર્મ સેવકનો તો એ; સ્વામી પોતાનું પાળશે.

૬ પ્હેલ્લો આદેશ જે આવ્યો ગંગાસાગરસંગમે,
પછી મધુવને જેહ, તે પળાયા ન બે ય મ્હેં;
દેહ ને દેશના ત્યાગઃ ત્રીજે સંન્યાસ આદર્યો.

૭ પશ્ચાત્તાપ કશો ત્હેમાં ? હું સેવક, ન અન્યથા.

૮ લૌકિક પ્રભુ શા કૃષ્ણ પેખવા ના કદી ય તે;
ભક્તિથી સૌ સમર્પ્યું, તો છે કૃતાર્થ; સુખી તું હો.

૯ મ્હોટી યે પુત્રી હેતે કો ન મૂકે જેમ સાસરે,
ન એવું કરવું દેહે; વર ન તોષાય અન્યથા.

लोकवच्चेत् स्थितिर्मे स्थात किं स्यादिति विचारय ॥
अशक्ये हरिरेवाऽस्ति मोहं मा गाः कथंचन ॥१०॥

इति श्रीकृष्णदासस्य वल्लभस्य हितं वचः ॥
चितं प्रति यदाकर्ण्य भक्तो निश्चिन्ततां व्रजेत् ॥११॥

✲



૧૦ લોક શી સ્થિતિ મ્હારી હો, તો શું થાય ? વિચાર તે;
અશક્યે તો હરિ છે જઃ મોહ મા પામ તો કદી.

૧૧ એવું શ્રી કૃષ્ણના દાસ વલ્લભનું હિતવેણ જે
ચિત્ત પ્રત્યે, સુણી તેહ વર્તે નિશ્ચિન્ત ભક્ત તો.

✲

## ८, विवेकधैर्याश्रयः

विवेकधैर्ये सततं रक्षणीये तथाश्रयः ।
विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति ॥१॥

प्रार्थिते वा ततः किं स्यात् ? स्वाम्यभिप्रायसंशयात् ।
सर्वत्र तस्य सर्वं हि सर्वसामर्थ्यमेव च ॥२॥

अभिमानश्च संत्याज्यः स्वाम्यधीनत्वभावनात् ।
विशेषतश्चेदाज्ञा स्यादन्तःकरणगोचरः ।
तदा विशेषगत्यादि भाव्यं भिन्नं तु दैहिकात् ॥३॥

आपद्गत्यादिकार्येषु हठस्त्याज्यश्च सर्वथा ।
अनाग्रहश्च सर्वत्र धर्माधर्माग्रदर्शनम् ॥४॥

विवेकोऽयं समाख्यातो धैर्यं तु विनिरूप्यते ॥५॥

त्रिदुःखसहनं धैर्यमामृतेः सर्वतः सदा ।
तक्रवत् देहवत् भाव्यं जडवत् गोपभार्यवत् ॥६॥
प्रतीकारो यदृच्छातः सिद्धश्चेन्नाग्रही भवेत् ।
भार्यादीनां तथाऽन्येषामसतश्चाक्रमं सहेत् ॥७॥

स्वयमिन्द्रियकार्याणि कायवाङ्मनसा त्यजेत् ।
अशूरेणाऽपि कर्तव्यं स्वस्यासामर्थ्यभावनात् ॥८॥

अशक्ये हरिरेवास्ति सर्वमाश्रयतो भवेत् ।
एतत्सहनमत्रोक्तमाश्रयोऽतो निरूप्यते ॥९॥

## ८, विवेक धैर्य ने आश्रय

૧ અખંડ પાળવાં જેવાં વિવેક ધૈર્ય આશ્રય.
હરિ સૌ નિજ ઇચ્છાથી કરશે, એ વિવેક છે.

૨ ને પ્રાર્થ્યું ત્હોય તેથી શું? શંકા સ્વામીમતે કર્યે?
સર્વત્ર સર્વ ત્હેનું છે, સર્વસમર્થ તે જ છે.

૩ છાંડવું અભિમાને યે સ્વામીઆધીન ભાવથી.
વિશેષે થાય આજ્ઞા જો અન્તર્યામી જ ઇશની,
તો તે દૈહિકથી ભિન્ન વિશેષતા ય પાળવી.

૪ આવે આપત્તિ કાર્યે, તો ત્યાગવી હઠ સર્વથાઃ
ધર્માધર્મ ઝીણા ન્યહાળી સદા ધારે અનાગ્રહ.

૫ વર્ણ્યો વિવેક આ; હાવાં નિરૂપું ધૈર્યને જ હું.

૬ સ્હેવાં ત્રિદુઃખ તે ધૈર્ય, મૃત્યુ પર્યન્ત સૌ સદા;
છાશ જડ ગોપી પેઠે સ્હેવાનું દેહધારીએ.

૭ નિવારણ દૈવેચ્છાથી લાધ્યે ન આગ્રહી થવું;
ભાર્યાદિનાં બીજાનાં ને ઓઠાં સ્હેવાં અસાધુનાં.

૮ સ્વ કાજે ઇન્દ્રિયકાર્યો વાક્ કાયા મનથી તજે;
અશૂરે ધારવું ધૈર્ય પોતાની જ અશક્તિથી.

૯ ના બને ત્યહાં હરિ છે જ; સૌ યે સધાય આશ્રયે.
એ આ ધૈર્ય કહ્યું; હાવાં આશ્રયનું નિરૂપણ.

दुःखहानौ तथा पापे भये कामाद्यपूरणे ।
ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ॥१०॥

भक्तद्रोहे भक्त्यभावेऽभक्तैश्चातिक्रमे कृते ।
अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ॥११॥

अहंकारकृते चैव पोष्यपोषणरक्षणे ।
पोष्यातिक्रमणे चैव तथाऽन्तेवास्यतिक्रमे ।
अलौकिकमनः सिद्धौ सर्वार्थे शरणं हरिः ॥१२॥

एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत् ॥१३॥

अन्यस्य भजनं तत्र स्वतो गमनमेव च ।
प्रार्थनाः कार्यमात्रेऽपि ततोऽन्यत्र विवर्जयेत् ॥१४॥

अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः ।
ब्रह्मास्त्रचातकौ भाव्यौ प्राप्तं सेवेत निर्ममः ॥१५॥

यथाकथंचित्कार्याणि कुर्यादुच्चावचान्यपि ।
किं वा प्रोक्तेन बहुना शरणं भावयेद्धरिम् ॥१६॥

एवमाश्रयणं प्रोक्तं सर्वेषां सर्वदा हितम् ।
कलौ भक्त्यादिमार्गा हि दुःसाध्या इति मे मतिः ॥१७॥



૧૦ દુઃખ હાની ભય પાપે, અધૂરી કામના રહે,
આ લોકે-પરલોકે યે, સર્વથા શર્ણું શ્રી હરિ.

૧૧ ભક્તદ્રોહે, ભક્તિઓટે, અભક્તે દૂભવ્યે ય તે,
ના બને કે બને ત્યહાં યેઃસર્વથા શર્ણું શ્રીહરિ.

૧૨ અહંકાર કીધે, પોષ્ય કેરાં પોષણરક્ષણે,
પોષ્યનાં કે શિષ્યનાં જ દૂભવણાં કીધ્યે ય, કે
અલૌકિક ચિત્ત થાવાઃ સર્વથા શર્ણું શ્રી હરિ.

૧૩ સદા હૈયે ભાવ એવો ધારી ગાવો જ વાણીમાં.

૧૪ અન્યને ભજવું, કે ત્યહાં સ્વેચ્છા થકી જવું, અને
પ્રાર્થવું કાર્યે કો યેઃ તે વર્જવું હરિથી બીજે.

૧૫ અશ્રદ્ધા નાણવી લેશે, છે તે બાધક સર્વથા;
બ્રહ્માસ્ત્ર-ચાતકભાવે મળ્યું માણવું નિર્મમ.

૧૬ કાંઇ યે કરતાં કાર્યો, ઉંચાં કે હલકાં ય તે,
શું બહુ ભાખવે ?-નિત્યે હરિનું શર્ણું ધારવું.

૧૭ સદા સૌનો હિતકારી એમ આશ્રય વર્ણવ્યો.
ભક્ત્યાદિ માર્ગ દુઃસાધ્ય કળીમાં,એવું માનું હું.

## ९, कृष्णाश्रयः

सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणि ।
पाषण्डप्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥१॥

म्लेच्छाक्रान्तेषु देशेषु पापैकनिलयेषु च ।
सत्पीडाव्यग्रलोकेषु कृष्ण एव गतिर्मम ॥२॥

गङ्गादितीर्थवर्येषु दुष्टैरेवावृतेष्विह ।
तिरोहिताधिदैवेषु कृष्ण एव गतिर्मम ॥३॥

अहंकारविमूढेषु सत्सु पापानुवर्तिषु ।
लाभपूजार्थयत्नेषु कृष्ण एव गतिर्मम ॥४॥

अपरिज्ञाननष्टेषु मन्त्रेष्वव्रतयोगिषु ।
तिरोहितार्थदेवेषु कृष्ण एव गतिर्मम ॥५॥

नानावादविनष्टेषु सर्वकर्मव्रतादिषु ।
पाषंडैकप्रयत्नेषु कृष्ण एव गतिर्मम ॥६॥

अजामिलादिदोषाणाम् नाशकोऽनुभवे स्थितः ।
ज्ञापिताखिलमाहात्म्यः कृष्ण एव गतिर्मम् ॥७॥

प्राकृताः सकला देवा गणितानन्दकं बृहत् ।
पूर्णानन्दो हरिस्तस्मात् कृष्ण एव गतिर्मम ॥८॥

## ૯, શ્રી કૃષ્ણાશ્રય

૧ સર્વ માર્ગો નાશ પામ્યે ખળધર્મી કળીયુગે,
પાખંડ પ્રસર્યે લોકે, કૃષ્ણ એ જ ગતિ મમ.

૨ મ્લેચ્છાક્રમે ક્લાન્ત દેશો, પાપને એક ધામ એ,
સાધુપીડે વ્યગ્ર લોકે, કૃષ્ણ એ જ ગતિ મમ.

૩ ગંગા આદિ મહાતીર્થો ઘેરાયે દુષ્ટથી હવાં,
ને પોઢયે તીર્થદેવો યે, કૃષ્ણ એ જ ગતિ મમ.

૪ અહંકારથી મૂઢાત્મા ડૂબ્યા સાધુ ય પાપમાં;
મથે લાભપૂજાર્થે; ત્યહાં કૃષ્ણ એ જ ગતિ મમ.

૫ અવ્રતી યોગીના મન્ત્રો અજ્ઞાને નાશ પામવે,
આથમ્યે અર્થ ને દેવ, કૃષ્ણ એજ ગતિ મમ.

૬ નાના વાદે નાશ પામ્યે ધર્મ કર્મ વ્રતાદિ સૌ,
પ્રવર્ત્યે એક પાખંડ, કૃષ્ણ એ જ ગતિ મમ.

૭ અજામિલાદિના દોષો ધોયા, ઉતર્યાં અનુભવે,
દાખવ્યો મહિમા સૌ, તે કૃષ્ણ એજ ગતિ મમ.

૮ પ્રાકૃત અન્ય દેવો, ને માપ્યો આનન્દ વિશ્વ દે;
પૂર્ણાનન્દ હરિ છે; તો કૃષ્ણ એજ ગતિ મમ.

विवेकधैर्यभक्त्यादिरहितस्य विशेषतः ।
पापासक्तस्य दीनस्य कृष्ण एव गतिर्मम ॥९॥

सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत् ।
शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् ॥१०॥

कृष्णाश्रयमिदं स्तोत्रं यः पठेत् कृष्णसन्निधौ ।
तस्याश्रयो भवेत् कृष्णः इति श्रीवल्लभोऽब्रवीत् ॥११॥

✽



૯ વિવેક ધૈર્ય ભક્ત્યાદિ શૂન્યની, ને વિશેષતઃ
દીનની-પાપડૂબ્યાંની કૃષ્ણ એ જ ગતિ મમ.

૧૦ સર્વ સામર્થ્યવન્તા, ને સૌના સૌ અર્થ પૂરતા,
શર્ણીના પરમોદ્ધાર, કૃષ્ણને શર્ણું છું જ હું.

૧૧ આ કૃષ્ણાશ્રયનું સ્તોત્ર પઢે જે કૃષ્ણ સન્નિધે,
ત્હેનું શર્ણું થાય કૃષ્ણ, એમ શ્રી વલ્લભે કહ્યું.

✽

## १०, चतुःश्लोकी

सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ।
स्वस्यायमेव धर्मो हि नान्यः क्वाऽपि कदाचन ॥१॥

एवं सदा स्वकर्तव्यं स्वयमेव करिष्यति ।
प्रभुः सर्वसमर्थो हि ततो निश्चिन्ततां व्रजेत् ॥२॥

यदि श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि ।
ततः किमपरं ब्रूहि लौकिकैर्वैदिकैरपि ॥३॥

अतः सर्वात्मना शश्वद्गोकुलेश्वरपादयोः ।
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः ॥४॥

## ૧૦, શ્રી ચતુઃશ્લોકી

૧ સર્વદા ને સર્વ ભાવે ભજવા વ્રજરાજને;
આપણો એ જ છે ધર્મ, અન્ય કો ન કદાપિ યે.

૨ એમ પોતાનું કર્તવ્ય પોતે જ કરવું સદા;
પ્રભુ છે સર્વસમર્થઃ રહેવું નિશ્ચિન્ત તો પછી.

૩ ધાર્યા શ્રી ગોકુલાધીશ હૈયે સર્વાત્મ ભાવથી,
પછી, કહો, અધિકું છે શું લૌકિકે–વૈદિકે ય તે ?

૪ તો સદા સર્વાત્મભાવે ચરણો વ્રજચન્દનાં
સ્મરવા–ભજવાનું યે તજશો મા, કહું છું એ.

## ११, भक्तिवर्धिनी

यथा भक्तिः प्रवृद्धा स्यात् तथोपायो निरूप्यते ।
बीजभावे दृढे तु स्यात् त्यागाच्छ्रवणकीर्तनात् ॥१॥

बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।
अव्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभिः ।
व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ यतेत् सदा ॥२॥

ततः प्रेम तथाऽऽसक्तिर्व्यसनं च यदा भवेत् ।
बीजं तदुच्यते शास्त्रे दृढं यन्नाऽपि नश्यति ॥३॥

स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद् गृहारुचिः ।
गृहस्थानां बाधकत्वम् अनात्मत्वं च भासते ॥४॥

यदा स्याद्व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ॥५॥

तादृशस्यापि सततं गृहस्थानं विनाशकम् ॥६॥

त्यागं कृत्वा यतेद्यस्तु तदर्थार्थैकमानसः ।
लभते सुदृढां भक्तिं सर्वतोऽप्यधिकां पराम् ॥७॥

त्यागे बाधकभूयस्त्वं दुःसंसर्गात् तथान्नतः ।
अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः ॥८॥

## ૧૧, શ્રી ભક્તિવર્ધિની

૧ હવે ભક્તિ ખીલે જેમ, ત્હેવા વર્ણું ઉપાય હું.
બીજભાવે દ્દઢ થાયે ત્યાગે, શ્રવણકીર્તને.

૨ બીજદ્દઢતાની રીતઃ સ્વધમ ઘરમાં રહી
અવ્યવહારી ભજે કૃષ્ણ પૂજાથી શ્રવણાદિથી,
કે મથે વ્યવહારી યે હરિમગ્ન કથાદિમાં;

૩ તો થાયે પ્રેમઆસકિત; ને વ્યસન થાય એ, તદા
ત્હેને બીજ કહ્યું શાસ્ત્રે દ્દઢ, જેહ ન વીણસે.

૪ સ્નેહે રાગ નાશ પામે; અભાવો આસકિતથી ગૃહે;
ને ભાસે ઘરનાં ત્હેને ન પોતાનાં જ—બાધક.

૫ વ્યસન કૃષ્ણનું લાગે, થાય કૃતાર્થ ત્યાહરે.

૬ અખંડ ઘરમાં રૂહેવું તાદ્દશીને ય ઘાતક.

૭ કરી ત્યાગ મથે જેહ એ અર્થે એક ચિત્તથી,
એ સૌથી અધિકી પામે ભક્તિ સુદ્દઢ ને પરમ.

૮ દુષ્ટસંગ અન્નદોષ ત્યાગમાં થાય બાધક;
માટે રૂહેવું હરિસ્થાને તલ્લીન તદીયો સહ;

अदूरे विप्रकर्षे वा यथा चित्तं न दुष्यति ॥९॥

सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् ।
यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम ॥१०॥

बाधसंभावनायां तु नैकान्ते वासइष्यते ।
हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशयः ॥११॥

इत्येवं भगवच्छास्त्रं गूढतत्त्वं निरूपितम् ।
य एतत्समधीयेत तस्यापि स्याद् दृढा रतिः ॥१२॥



૯ કે સમીપે જ, કે આઘે; જેમ છોવાય ચિત્ત ના.

૧૦ સેવામાં વા કથામાં વા આસક્તિ જેહની દૃઢ,
માનું, ત્હેનો નથી નાશ કદી ક્યહાં યે જીવ્યા સૂધી.

૧૧ બાધનો સંભવ હો તો એકાન્તે વાસ ઈષ્ટ ના;
હરિ તો સઘળે રક્ષા કરશે, નથી સંશય.

૧૨ એમ આ ભગવત્શાસ્ત્ર વર્ણવ્યું ગૂઢ તત્ત્વનું;
જે એને અવધારી લે, ત્હેની ભક્તિ બને દૃઢ.

## १२, जलभेदः

नमस्कृत्य हरिं वक्ष्ये तद्गुणानां विभेदकान् ।
भावान् विंशतिधा भिन्नान् सर्वसंदेहवारकान् ॥ १ ॥

गुणभेदास्तु तावन्तो यावन्तो हि जले मताः ॥ २ ॥

गायकाः कूपसंकाशा गंधर्वा इति विश्रुताः ।
कूपभेदास्तु यावंतस्तावंतस्तेऽपि संमताः ॥ ३ ॥

कुल्याः पौराणिकाः प्रोक्ताः पारंपर्ययुता भुवि ।
क्षेत्रप्रविष्टास्ते चापि संसारोत्पत्तिहेतवः ॥ ४ ॥

वेश्यादिसहिताः मत्ताः गायकाः गर्तसंज्ञिताः ।
जलार्थमेव गर्तास्तु नीचा गानोपजीविनः ॥ ५ ॥

ह्रदास्तु पंडिताः प्रोक्ताः भगवच्छास्त्रतत्पराः ।
संदेहवारकास्तत्र सूदा गंभीरमानसाः ॥ ६ ॥

सरः कमलसंपूर्णाः प्रेमयुक्तास्तथा बुधाः ।
अल्पश्रुताः प्रेमयुक्ता वेशंताः परिकीर्तिताः ॥ ७ ॥

कर्मशुद्धाः पल्वलानि तथाल्पश्रुतभक्तयः ।
योगध्यानादिसंयुक्ता गुणा वर्ष्याः प्रकीर्तिताः ॥ ८ ॥

## ૧૨, જળના ભેદ

૧ વન્દી શ્રી હરિને વર્ણું ત્હેમના ગુણભેદના
ભિન્ન ભિન્ન વીશ ભાવોઃ સૌ સન્દેહનિવારક.

૨ જેટલા જળના ભેદ, ગુણભેદો ય તેટલા.

૩ ગન્ધર્વો જેહ કહેવાયે, ગાયકો તે કૂવા સમા;
કૂવાના જેટલા ભેદ, તેટલા ત્હેમના ય તે.

૪ ભોમે પરંપરા વ્હેતી ન્હેર જેવા પુરાણીઓ;
ક્ષેત્રે પેઠા ય તે તો છે હેતુ સંસારફાલના.

૫ વેશ્યાદિ સાથના મસ્ત ગાયકો ગર્તની સમા;
નીચ તે ખાળકૂંડી શાં, જે જીવે ગાન મૂલવી.

૬ ભગવત્‌શાસ્ત્રમાં લીન પંડિતો તો ધરા સમા;
સન્દેહ વારનારા ત્યહાં મનના ગંભીર વાવ શા.

૭ પ્રેમભીના જ્ઞાનીઓ તો પદ્મપૂર્ણ સરોવર;
અલ્પજ્ઞાની પ્રેમભીના તે તો માન્યાં તળાવડાં.

૮ અલ્પજ્ઞાની અલ્પભક્તિ કર્મશુદ્ધો જ કુંડ શા;
યોગધ્યાનાદિવન્તાને વર્ષાવારી સમા ગણ્યા.

तपोज्ञानादिभावेन स्वेदजास्तु प्रकीर्तिताः ॥ ९ ॥

अलौकिकेन ज्ञानेन ये तु प्रोक्ता हरेर्गुणाः ।
कादाचित्काः शब्दगम्याः पतत्शब्दाः प्रकीर्तिताः ॥ १० ॥

देवाद्युपासनोद्भूताः पृष्वा भुमेरिवोद्गताः ॥ ११ ॥

साधनादिप्रकारेण नवधाभक्तिमार्गतः ।
प्रेमपूर्त्या स्फुरद्धर्माः स्पंदमानाः प्रकीर्तिताः ॥ १२ ॥

यादृशास्तादृशाः प्रोक्ता वृद्धिक्षयविवर्जिताः ।
स्थावरास्ते समाख्याता मर्यादैकप्रतिष्ठिताः ॥ १३ ॥

अनेकजन्मसंसिद्धाः जन्मप्रभृति सर्वदा ।
संगादिगुणदोषाभ्यां वृद्धिक्षययुता भुवि ।
निरंतरोद्गमयुता नद्यस्ते परिकीर्त्तिताः ॥ १४ ॥

एतादृशाः स्वतंत्राश्चेत् सिन्धवः परिकीर्त्तिताः ॥ १५ ॥

पूर्णा भगवदीया ये शेषव्यासाग्निमारुताः ।
जडनारदमैत्राद्यास्ते समुद्राः प्रकीर्तिताः ॥ १६ ॥

लोकवेदगुणैर्मिश्रभावेनैके हरेर्गुणान् ।
वर्णयंति समुद्रास्ते क्षाराद्याः षट् प्रकीर्तिताः ॥ १७ ॥

गुणातीततया शुद्धान् सच्चिदानंदरूपिणः ।
सर्वानेव गुणान् विष्णोर्वर्णयंति विचक्षणाः ।
तेऽमृतोदाः समाख्यातास्तद्वाक्पानं सुदुर्लभम् ॥ १८ ॥



૯ તપોજ્ઞાનાદિ ભાવાળા સ્વેદના જળ શા કહ્યા.

૧૦ અલૌકિક જ્ઞાનથી જે હરિના ગુણ ગાય, તે
શબ્દસ્વામી વિરલા કો ધોધપડછન્દના સમા.

૧૧ ભોમજન્મ્યા ઓસ જેવા દેવાદિના ઉપાસકો.

૧૨ સાધનાદિ પ્રકારોથી, નવધા ભક્તિમાર્ગથી,
પ્રેમભર્યાં ધર્મસ્ફોર્યાં, તે ભાખ્યા ઝરણાં સમા.

૧૩ જેહવા છે, કહ્યા ત્હેવા. વૃદ્ધિક્ષય થકી પર,
મર્યાદામાં ઠરેલા તો વર્ણવ્યા સ્થાવરો સમા.

૧૪ અનેક જન્મના સિદ્ધો, જન્મદીનથી સર્વદા
સંગાદિ ગુણદોષોથી વૃદ્ધિ ને ક્ષય પામતા,
ભોમે અખંડ વહતી ભાખ્યા તે તો નદી સમા.

૧૫ એવા સ્વતન્ત્ર હો, તો તો કહે ત્હેને મહાનદ.

૧૬ શેષ વ્યાસ અગ્નિ વાયુ મૈત્રેય જડ નારદ,
પૂરા ભગવદી એવા સમુદ્રો સરિખા કહ્યા.

૧૭ હરિના ગુણ કો ગાયે લોકવેદે કહ્યા ગુણે,–
મિશ્ર ભાવે, ક્ષારાદિ તે છ સમુદ્રો સમા ગણ્યા.

૧૮ ગુણાતીત ભાવે શુદ્ધ, સચ્ચિદાનન્દરૂપ જે,
'સૌ ગુણો વિષ્ણુના' એમ વર્ણે જેહ વિચક્ષણો,
એ અમૃત સમા ભાખ્યાઃ તે વાણીપાન દુર્લભ.

ताद्दशानां क्वचिद्वाक्यं दूतानामिव वर्णितम् ।
अजामिलाकर्णनवद्बिन्दुपानं प्रकीर्त्तितम् ॥ १९ ॥

रागज्ञानादिभावानां सर्वथा नाशनं यदा ।
तदा लेहनमित्युक्तं स्वानन्दोद्गमकारणम् ॥ २० ॥

उद्धृतोदकवत् सर्वे पतितोदकवत्तथा ।
उक्तातिरिक्तवाक्यानि फलं चापि तथा ततः ॥ २१ ॥

इति जीवेन्द्रियगता नानाभावगता भुवि ।
रूपतः फलतश्चैव गुणा विष्णोर्निरूपिताः ॥ २२ ॥



૧૯ તાદ્દશીનાં કોઇ વેણુ દૂતનાં સરિખાં કહ્યાં;
પૂર્વે અજામિલે ઝીલ્યાં, સુધાબિન્દુ સમાં જ જે.

૨૦ રાગઅજ્ઞાનાદિ ભાવો પામે સૌ નાશ જ્યાહરે,
ત્યહારે લેહન ક્‌હેવાયે, સ્વાનંદ આપનારૂં તે.

૨૧ ક્‌હાડેલા જળ શા સર્વે, કે પડયા જળ શા કહ્યા
પુર્વોક્તથી બીજા જેહ: ફળે ત્હેવા જ ત્હેમનાં.

૨૨ ભોમે નાના ભાવ પામ્યા, ફળથી કે સ્વરૂપથી,
જીવેન્દ્રિયે વસ્યા, એમ વર્ણવ્યા વિષ્ણુના ગુણો.

## १३, पंचपद्यः

श्रीकृष्णरसविक्षिप्तमानसा रतिवर्जिताः ॥
अनिर्वृता लोकवेदे ते मुख्याः श्रवणोत्सुकाः ॥ १ ॥

विक्लिन्नमनसो ये तु भगवत्स्मृतिविह्वलाः ॥
अर्थैकनिष्ठास्ते चापि मध्यमाः श्रवणोत्सुकाः ॥ २ ॥

निःसंदिग्धं कृष्णतत्त्वं सर्वभावेन ये विदुः ।
ते त्वावेशात्तु विकला निरोधाद्वा न चान्यथा ॥ ३ ॥

पूर्णभावेन पूर्णार्थाः कदाचिन्न तु सर्वदा ॥
अन्यासक्तास्तु ये केचिदधमाः परिकीर्तिताः ॥ ४ ॥

अनन्यमनसो मर्त्याः उत्तमाः श्रवणादिषु ।
देशकालद्रव्यकर्तृमंत्रकर्मप्रकारतः ॥ ५ ॥

## ૧૩, પંચ પદો

૧ શ્રી કૃષ્ણના રસે ડૂબ્યા, અન્યથા રાગ વર્જીયા,
લોકવેદે ન ઠારેલા, તે શ્રવણરંગી શ્રેષ્ઠ છે.

૨ વિહ્‌વળા ભગવત્સ્મરણે, ગળેલા જેહ તે મંહી,
એ જ અર્થે એકનિષ્ટ, તે શ્રવણરંગી મધ્યમ.

૩ નિઃસન્દેહે કૃષ્ણતત્ત્વ જાણે સૌ ભાવથી જ, તે
વિહ્‌વળા થાય આવેશે, કે નિરોધે; ન અન્યથા.

૪ પૂર્ણભાવે પૂર્ણઅર્થી થાય ક્‌યહારેક, ના સદા;
અન્યભાવી હોય કો તો તેહને અધમો કહ્યા.

૫ દેશ કાળ દ્રવ્ય કર્તા મન્ત્ર કર્મઃ બધી રીતે
અનન્ય મનના જીવો શ્રેષ્ઠ છે શ્રવણાદિમાં.

## १४, संन्यासनिर्णयः

पश्चात्तापनिवृत्त्यर्थं परित्यागो विचार्यते ॥ १ ॥

स मार्गद्वितये प्रोक्तो भक्तौ ज्ञाने विशेषतः ।
कर्ममार्गे न कर्तव्यः सुतरां कलिकालतः ॥ २ ॥

अत आदौ भक्तिमार्गे कर्तव्यत्वाद् विचारणा ॥ ३ ॥

श्रवणादिप्रवृत्त्यर्थं कर्तव्यत्वेन नेष्यते ।
सहायसंगसाध्यत्वात् साधनानां च रक्षणात् ।
अभिमानान्नियोगाच्च तद्धर्मैश्च विरोधतः ॥ ४ ॥

गृहादेर्बाधकत्वेन साधनार्थं तथा यदि ।
अग्रेपि तादृशैरेव संगो भवति नान्यथा ॥ ५ ॥

स्वयं च विषयाक्रान्तः पाषंडी स्यात्तु कालतः ।
विषयाक्रान्तदेहानां नावेशः सर्वथा हरेः ॥ ६ ॥

अतोऽत्र साधने भक्तौ नैव त्यागः सुखावहः ॥ ७ ॥

विरहानुभवार्थं तु परित्यागः प्रशस्यते ।
स्वीयबंधनिवृत्त्यर्थं वेषः सोऽत्र न चान्यथा ॥ ८ ॥

## ૧૪, સંન્યાસનો નિર્ણય

૧ પરિત્યાગ વિચારાયે પશ્ચાત્તાપ નિવારવા.

૨ બે માર્ગોમાં કહ્યો ત્યાગ, વિશેષે ભક્તિ-જ્ઞાનમાં;
કર્મમાર્ગે ન તે હોય; ત્હેમાં યે કળીકાળમાં.

૩ માટે પ્હેલાં ભક્તિમાર્ગે, કરવાનો તો, વિચારિયે.

૪ શ્રવણાદિ સાધવા ક્હે કો કરવો, તો ન ઇષ્ટ તેઃ
સહાયસંગ સિદ્ધ્યર્થે, સાધનોનાં જ રક્ષણે;
અહંતાએ નિયોજે તો ધર્મનો જ વિરોધી તે.

૫ તજે જો બાધકતાથી સાધનાર્થે ગૃહાદિ, તો
પછી યે સંગ એવાંનો થાય છે, નથી અન્યથા.

૬ કાળ જતાં થાય પોતે પાખંડી, વિષયે ર્હડીઃ
વિષયે ર્હડયા દેહીને હરિઆવેશ ના સદા.

૭ તો ભક્તિ સાધવા હાવાં નથી ત્યાગ સુખાવહ.

૮ વિરહ અનુભવવા વખાણ્યો પરિત્યાગને.
નિવારવા નિજ બન્ધો ભેખ લે છે, ન અન્યથા.

कौंडिन्यो गोपिकाः प्रोक्ता गुरवः साधनं च तत् ।
भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते ॥ ९ ॥

विकलत्वं तथाऽस्वास्थ्यं प्रकृतिः प्राकृतं न हि ।
ज्ञानं गुणाश्च तस्यैवं वर्तमानस्य बाधकाः ॥ १० ॥

सत्यलोके स्थितिर्ज्ञानात् संन्यासेन विशेषितात् ।
भावना साधनं यत्र फलं चापि तथा भवेत् ॥ ११ ॥

तादृशाः सत्यलोकादौ तिष्ठंत्येव न संशयः ॥ १२ ॥

बहिश्चेत्प्रकटः स्वात्मा वह्निवत्प्रविशेद्यदि ।
तदैव सकलो बन्धो नाशमेति न चान्यथा ॥ १३ ॥

गुणास्तु संगराहित्याज्जीवनार्थं भवन्ति हि ।
भगवान् फलरूपत्वात् नात्र बाधक ईष्यते ॥ १४ ॥

स्वास्थ्यवाक्यं न कर्तव्यं दयालुर्न विरूद्धचते ।
दुर्लभोऽयं परित्यागः प्रेम्णा सिद्धचति नान्यथा ॥ १५ ॥

ज्ञानमार्गे तु संन्यासो द्विविधोऽपि विचारितः ।
ज्ञानार्थमुत्तराङ्गञ्च सिद्धिर्जन्मशतैः परम् ॥ १६ ॥

ज्ञानं च साधनापेक्षं यज्ञादिश्रवणान्मतम् ।
अतः कलौ स संन्यासः पश्चात्तापाय नान्यथा ॥ १७ ॥

पाषंडित्वं भवेच्चापि तस्माज्ज्ञाने न संन्यसेत् ।
सुतरां कलिदोषाणां प्रबलत्वादिति स्थितिः ॥ १८ ॥

भक्तिमार्गेऽपि चेद्दोषस्तदा किं कार्यमुच्यते ॥ १९ ॥



૯ કૌડિન્ય ગોપીઓ ભાખ્યાં ગુરુઓઃ સાધને ય તે.
ભાવનાથી સીધે ભાવ સાધન તે, નહીં બીજું.

૧૦ ઘેલા ને બ્હાવરા થાવું તે સ્વભાવ, ન લૌકિક;
હરિનાં ગુણ ને જ્ઞાન વિરહીને જ બાધક.

૧૧ સંન્યાસે ખીલિયા જ્ઞાને સ્થિતિ તો સત્યલોકમાં;
ભાવના સાધન જેવું, તેહવું જ ફળે મળે.

૧૨ તાદૃશી તો રહે છે જ સત્યલોકાદિમાં, ખરે !

૧૩ બ્હાર જો પ્રગટી આત્મા પેસે ભીતર, અગ્નિ શો,
ત્યહારે જ સઘળા બન્ધો નાશ પામે, ન અન્યથા.

૧૪ ના થાય હરિનો સંગ, જીવાડે ત્હેમને ગુણો.
ફળરૂપ હરિ, માટે આમાં બાધક તે નથી.

૧૫ ન ભાખે સ્વાસ્થ્યનાં વેણ, વિરૂદ્ધે હો દયાળુ ના.
દુર્લભ આ પરિત્યાગ; પ્રેમે સીધે, ન અન્યથા.

૧૬ જ્ઞાનમાર્ગે ય સંન્યાસ વિચાર્યો છે જ બે વિધે;
જ્ઞાનાર્થે, ઉત્તર અંગેઃ સો જન્મે જ સધાય તે.

૧૭ યજ્ઞકથાદિ સાધનની અપેક્ષા માની જ્ઞાનને;
કળીમાં તેથી સંન્યાસ પસ્તાવાને, ન અન્યથા.

૧૮ જન્મે પાખંડ, તે માટે જ્ઞાને સંન્યાસ ના ઘટેઃ
કળીમાં દોષનો દોર ભારે, મર્યાદ તેથી આ.

૧૯ ભક્તિમાર્ગે ય જો દોષ, તો શું કરવું તે કહું.

अत्रारंभे न नाशः स्यात्दृष्टान्तस्याप्यभावतः ।
स्वास्थ्यहेतोः परित्यागाब्दाधः केनास्य संभवेत् ॥ २० ॥

हरिरत्र न शक्नोति कर्तुं बाधां कुतोऽपरे ।
अन्यथा मातरो बालान्न स्तन्यैः पुपुषुः क्वचित् ॥ २१ ॥

'ज्ञानिनामपि' वाक्येन न भक्तं मोहयिष्यति ।
आत्मप्रदः प्रियश्चापि किमर्थं मोहयिष्यति ॥ २२ ॥

तस्मादुक्तप्रकारेण परित्यागो विधीयताम् ।
अन्यथा भ्रश्यते स्वार्थादिति मे निश्चिता मतिः ॥ २३ ॥

इति कृष्णप्रसादेन वल्लभेन विनिश्चितम् ।
संन्यासावरणं भक्तावन्यथा पतितो भवेत् ॥ २४ ॥

✽



૨૦ ન એ આરંભવે નાશ; એનું દૃષ્ટાન્ત એક ના;
સ્વસ્થિતિનો હેતુ ત્યાગે કોનો બાધ જ સંભવે ?

૨૧ હરિ યે અંહીયાં બાધા કરી શકે ન, કો બીજો ?
કરે તો કદિ માતા યે ધવરાવે ન બાળને.

૨૨ **જ્ઞાનિનામ્** વાક્યથી યે તે માયા મોહે ન ભક્તને;
આત્મદાતાર–વ્હાલા છે, મોહે શા માટ તો હરિ ?

૨૩ માટે કહી રીતે માત્ર સંન્યાસ કરવો ઘટે;
અન્યથા વીણસે અર્થઃ મ્હારી એ મતિ નિશ્ચળ.

૨૪ એમ કૃષ્ણપ્રસાદે આ ત્યાગનો ભક્તિમાર્ગમાં
નિર્ણય વલ્લભે ભાખ્યોઃ થાયે પતિત અન્યથા.

✽

## १५, निरोधलक्षणः

यच्च दुःखं यशोदाया नन्दादीनां च गोकुले ।
गोपिकानां तु यद् दुःखं तद् दुःखं स्यान्मम क्वचित् ॥ १ ॥

गोकुले गोपिकानां तु सर्वेषां व्रजवासिनाम् ।
यत्सुखं समभूत् तन्मे भगवान् किं विधास्यति ॥ २ ॥

उद्धवागमने जात उत्सवः सुमहान् यथा ।
वृन्दावने गोकुले वा तथा मे मनसि क्वचित् ॥ ३ ॥

महतां कृपया यावद्भगवान् दययिष्यति ।
तावदानन्दसन्दोहः कीर्त्यमानः सुखाय हि ॥ ४ ॥

महतां कृपया यद्वत् कीर्तनं सुखदं सदा ।
न तथा लौकिकानां तु स्निग्धभोजनरूक्षवत् ॥ ५ ॥

गुणगाने सुखावाप्तिर्गोविन्दस्य प्रजायते ।
यथा तथा शुकादीनां नैवात्मनि कुतोऽन्यतः ॥ ६ ॥

क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् ।
तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः ॥ ७ ॥

## ૧૫, નિરોધનું લક્ષણ

૧ જેહ દુઃખ યશોદાને, નન્દાદિને જ ગોકુળે,
ગોપીઓને ય જે દુઃખ, દુઃખ તે હો મ્હને ક્વચિત.

૨ ગોકુળે ગોપીઓએ, ને સર્વે યે વ્રજવાસીએ
માણ્યું જે સુખ, તે ક્ય્હારે આપશે મુજને હરિ ?

૩ ઉદ્ધવજી આવ્યે જેવો વૃન્દાવને જ ગોકુળે
મહોત્સવ થયો, ત્હેવો હો મ્હારા મનમાં ક્વચિત્.

૪ મ્હોટેરાના કૃપાભાવે દયા કરે જ ત્ય્હાં સૂધી
હરિ-આનન્દના ઓઘ કીર્તનનું સુખ આપશે.

૫ મ્હોટેરાની કૃપાથી જે દે નિત્યે સુખ કીર્તન,
ન ત્હેવું લૌકિકોનું યે, ઘીનું ભોજન લુક્ખું શું.

૬ ગોવિન્દના ગુણગાને ઓઘ જે સુખના ફૂટે,
ન શુકાદિ ય તે પામે આત્મજ્ઞાને; બીજેથી ક્ય્હાં ?

૭ ક્લેશ કરતાંને પેખી કૃપાથી જ્યાહરે દ્રવે,
ત્ય્હારે પૂર્ણ સદાનન્દ હૈયેથી બ્હાર નીસરે.

सर्वानन्दमयस्याऽपि कृपानन्दः सुदुर्लभः ।
हृद्गतः स्वगुणान् श्रुत्वा पूर्णः प्लावयते जनान् ॥ ८ ॥

तस्मात् सर्वं परित्यज्य निरुद्धैः सर्वदा गुणाः ।
सदानन्दपरैर्गेयाः सच्चिदानन्दता ततः ॥ ९ ॥

अहं निरुद्धो रोधेन निरोधपदवीं गतः ।
निरुद्धानां तु रोधाय निरोधं वर्णयामि ते ॥ १० ॥

हरिणा ये विनिर्मुक्तास्ते मग्ना भवसागरे ।
ये निरुद्धास्त एवात्र मोदमायान्त्यहर्निशम् ॥ ११ ॥

गुणेष्वाविष्टचित्तानां सर्वदा मुरवैरिणः ।
संसारविरहक्लेशौ न स्यातां हरिवत्सुखम् ॥ १२ ॥

तदा भवेद्दयालुत्वमन्यथा क्रूरता मता ।
बाधशङ्कापि नास्त्यत्र तदध्यासोपि सिद्ध्यति ॥ १३ ॥

संसारावेशदुष्टानामिन्द्रियाणां हिताय वै ।
कृष्णस्य सर्ववस्तूनि भूम्न ईशस्य योजयेत् ॥ १४ ॥

भगवद्धर्मसामर्थ्याद्विरागो विषये स्थिरः ।
गुणैर्हरेः सुखस्पर्शान्न दुखंः भाति कर्हिचित् ॥ १५ ॥

एवं ज्ञात्वा ज्ञानमार्गादुत्कर्षं गुणवर्णने ।
अमत्सरैरलुब्धैश्च वर्णनीयाः सदा गुणाः ॥ १६ ॥



૮ સર્વાનન્દમયીને યે કૃપાનન્દ સુદુર્લભ;
ભીંજવે જનને પૂરા હૈયે રૂહે સ્વગુણો સુણી.

૯ તે માટે સૌ પરિત્યાગી, સદાનન્દે વસી સદા,
નિરૂદ્ધોએ ગુણો ગાવાઃ સત્ ચિત્ આનન્દ તો મળે.

૧૦ હું નિરુદ્ધ છું; ને રોધે નિરોધપદ પામિયો;
નિરુદ્ધોના રોધ અર્થે નિરોધ વર્ણવું હવે.

૧૧ હરિએ જેહને છાંડયા, તે ડૂબ્યા ભવસાગરે;
નિરુદ્ધો જેહ, તે માણે આઠે પ્હોર અંહી સુખ.

૧૨ મુરારીના ગુણે નિત્ય પ્રોવાયું ચિત્ત, તેહને
સંસારવિહંના કલેશો નથી; છે હરિ શાં સુખ.

૧૩ એમ દયાળુતા આવે, અન્યથા માની ક્રૂરતા;
બાધ શંકા ય ના આમાંઃ અધ્યાસે એહ સાંપડે.

૧૪ સંસારવેગથી દોષી ઇન્દ્રિયોને હિતાર્થં તો
સમર્પવી વસ્તુઓ સૌ પૃથ્વીના પ્રભુ કૃષ્ણને.

૧૫ ભગવત્ધર્મબળે જામે વૈરાગ્ય વિષયો વિશે;
દુખઝાંખી કદી ન્હોય સુખ લાધ્યે હરિકીર્તને.

૧૬ જ્ઞાનમાર્ગ થકી જાણી અધિકું ગુણકીર્તન,
લોભમત્સર છાંડીને ગાવા સદા હરિગુણો.

हरिमूर्तिः सदा ध्येया संकल्पादपि तत्र हि ।
दर्शनं स्पर्शनं स्पष्टं तथा कृतिगतो सदा ॥ १७ ॥

श्रवणं कीर्तनं स्पष्टं पुत्रे कृष्णप्रिये रतिः ।
पायोर्मलांशत्यागेन शेषभागं तनौ नयेत् ॥ १८ ॥

यस्य वा भगवत्कार्यं यदा स्पष्टं न दृश्यते ।
तदा विनिग्रहस्तस्य कर्तव्य इति निश्चयः ॥ १९ ॥

नातः परतरो मन्त्रो नातः परतरः स्तवः ।
नातः परतरा विद्या तीर्थं नातः परात्परम् ॥ २० ॥



૧૭ ધ્યાવી સદા હરિમૂર્તિ; સંકલ્પથી ય તેહના
દર્શ સ્પર્શ સ્પષ્ટ થાય, તેમ કૃતિગતિ સદા;

૧૮ શ્રવણકીર્તને સ્પષ્ઠ કામે કૃષ્ણપ્રિયે રમે.
કરવો મળના ત્યાગે ગાળી કૃશાંગ દેહને.

૧૯ જે ઇન્દ્રિય હરિકાર્યે ન દર્શે સ્પષ્ટ વર્તતી,
ત્હેનો નિગ્રહ તત્કાલ કરવો, એ જ નિશ્ચય.

૨૦ ન આથી અધિકો મન્ત્ર, ન આથી મ્હોટું સ્તોત્ર કો;
ન આથી વધુ કો વિદ્યા, ન તીર્થં આથી કો વડું.

## १६, सेवाफलम्

यादृशी सेवना प्रोक्ता तत्सिद्धौ फलमुच्यते ॥ १ ॥

अलौकिकस्य दाने हि चाद्यः सिद्धयेन्मनोरथः ।
फलं वा ह्यधिकारो वा न कालोऽत्र नियामकः ॥ २ ॥

उद्वेगः प्रतिबन्धो वा भोगो वा स्यात्तु बाधकः ॥ ३ ॥

अकर्तव्यं भगवतः सर्वथा चेद्गतिर्न हि ।
यथा वा तत्त्वनिर्धारो विवेकः साधनं मतम् ॥ ४ ॥

बाधकानां परित्यागो भोगेप्येकं तथा परम् ।
निष्प्रत्यूहं महान्भोगः प्रथमे विशते सदा ॥ ५ ॥

सविघ्नोऽल्पो घातकः स्याद् बलादेतौ सदा मतौ ।
द्वितीये सर्वथा चिन्ता त्याज्या संसारनिश्चयात् ॥ ६ ॥

नन्वाद्ये दातृता नास्ति तृतीये बाधकं गृहम् ।
अवश्येयं सदा भाव्या सर्वमन्यन्मनोभ्रमः ॥ ७ ॥

तदीयैरपि तत्कार्यं पुष्टौ नैव विलंबयेत् ।
गुणक्षोभेऽपि द्रष्टव्यमेतदेवेति मे मतिः ॥ ८ ॥

कुसृष्टिरत्र वा काचिदुत्पद्येत स वै भ्रमः ॥ ९ ॥

## १६, श्री सेवाफ़ळ

१ જેવી સેવા કહી, ત્હેવાં તત્સિદ્ધિનાં કહું ફ઼ળ.

૨ અલૌકિક તણું દાને પ્હેલો સીધે મનોરથ;
કે ફ઼ળ, કે અધિકારઃ ન ત્હ્યાં નિર્માણ કાળનાં.

૩ ઉદ્વેગ કે અન્તરાય, ભોગ ત્હ્યાં થાય બાધક.

૪ ન કરવું હરિને હો તો એમાં લેશે ઉપાય ના;
નિર્ધારે તત્ત્વને ત્હેવો માન્યો વિવેક સાધન.

૫ ત્યાગવાં બાધકોને સૌઃ ભોગે યે એક ને બીજો;
ને નિર્વિઘ્ન મહાભોગ પ્હેલ્લે ફ઼ળે વસે સદા.

૬ સવિઘ્ન અલ્પ ઘાતક બલે માન્યાં જ એ સદા;
બીજામાં ત્યાગવી સર્વે ચિન્તા સંસારનિશ્ચયે.

૭ દાતૃતા નથી પ્હેલામાં, ત્રીજામાં ઘર બાધક;
અવશ્યે એ સદા ઝંખો; અન્ય સર્વ મનોભ્રમ.

૮ તદીયોએ ય કરવું તેઃ પુષ્ટિમાં વાર ના ઘટે;
ગુણક્ષોભે ય એને જ પેખવું, એમ માનું હું.

૯ આ વિશે કુવિચારો કો જાગે, તો ભ્રમ એહ છે.

## જોયેલી ટીકાઓ વૃત્તિઓ વિ.

૧ લો ગ્રન્થ : શ્રી વિઠ્ઠલેશ્વરજી વિરચિત વિવૃત્તિ, શ્રી પુરુષોત્તમરાયજી પ્રણિત વિવૃત્તિની વિવૃત્તિ, શ્રી હરિરાયજી પ્રણિત ટિપ્પણ.

૨ જો ગ્રન્થ : શ્રી પુરુષોત્તમરાયજી પ્રણિત વિવૃત્તિ, શ્રી દેવકીનન્દનાચાર્ય પ્રણિત પ્રકાશ.

૩ જો ગ્રન્થ : શ્રી વિઠ્ઠલેશ્વરજી કૃત વિવૃત્તિ, શ્રી ગોકુલનાથજી પ્રણિત ટિપ્પણ, શ્રી કલ્યાણરાયજી પ્રણિત ટિપ્પણ, શ્રી પુરુષોત્તમરાયજી પ્રણિત ટિપ્પણ, શ્રી વલ્લભ પ્રણિત ટિપ્પણ, શ્રી વ્રજનાથ પ્રણિત ટિપ્પણ, શ્રી લાલૂ ભટ્ટ પ્રણિત ટિપ્પણ, શ્રી દ્વારકેશજી પ્રણિત ટિપ્પણ, શ્રી હરિરાયજી પ્રણિત ટિપ્પણ.

૪ થો ગ્રન્થ : શ્રી પીતાંબરદાસજી પ્રણિત વિવરણ.

૫ મો ગ્રન્થ : શ્રી ગોકુલનાથજી કૃત વિવરણ, શ્રી રઘુનાથજી કૃત સિદ્ધાન્તરહસ્યવિવરણ, શ્રી કલ્યાણરાયજી કૃત વિવૃત્તિ, શ્રી વ્રજોત્સવનાથજી કૃત સિદ્ધાન્તરહસ્યવિવૃત્તિ, શ્રી ગોકુલોત્સવનાથજી કૃત વિવૃત્તિ, શ્રી હરિરાયજી કૃત સિદ્ધાન્તરહસ્યવિવૃત્તિકારિકા, શ્રી વિઠ્ઠલેશ્વરજી કૃત સિદ્ધાન્તરહસ્યવિવરણ, શ્રી પુરુષોત્તમરાયજી કૃત સિદ્ધાન્તરહસ્યવિવરણ, શ્રી ગિરિધરજી કૃત સિદ્ધાન્તરહસ્યવિવૃત્તિ, શ્રી લાલૂ ભટ્ટ કૃત સિદ્ધાન્તરહસ્યટીકા, શ્રી શાચાર્ય કૃત સંવાદ વિવૃત્તિ.

૧૧ મો ગ્રન્થ : શ્રી બાલકૃષ્ણજી કૃત વિવૃત્તિ, શ્રી ગોકુલનાથજી કૃત વિવૃત્તિ, શ્રી રઘુનાથજી કૃત વિવૃત્તિ, શ્રી કલ્યાણરાયજી વિરચિત વિવૃત્તિ, શ્રી હરિરાયજી વિરચિત ભક્તિવર્ધિનીવિવૃત્તિ, શ્રી ગોપેશ્વરજી વિરચિત વિવૃત્તિ, શ્રી પુરુષોત્તમરાયજી કૃત વિવૃત્તિ, શ્રી વલ્લભકૃત ટીકા, મઠપતિ શ્રી જયગોપાલ ભટ્ટજી કૃત ટીકા, શ્રી લાલૂ ભટ્ટજી દીક્ષિત



કૃત વિવૃત્તિ, શ્રી બાલકૃષ્ણજી કૃત ટીકા, શ્રી ગિરિધરજી કૃત વિવૃત્તિ, શ્રી દ્વારિકેશજી વિરચિત પ્રકાશ, નામ વિનાની એક વિવૃત્તિ.

૧૨ મો ગ્રન્થ : શ્રી કલ્યાણરાયજી વિરચિત વિવૃત્તિ, શ્રી પુરુષોત્તમજી કૃત વિવૃત્તિ, શ્રી વલ્લભ કૃત વિવૃત્તિ, શ્રી બાલકૃષ્ણજી કૃત વિવૃત્તિ.

૧૩ મો ગ્રન્થ : શ્રી હરિરાયજી કૃત વિવરણ, શ્રી પુરુષોત્તમજી કૃત વિવરણ.

૧૪ મો ગ્રન્થ : શ્રી ગોકુલનાથજી વિરચિત વિવરણ, શ્રી રઘુનાથજી વિરચિત વિવરણ, શ્રી ગોકુલોત્સવ વિરચિત વિવરણ, ચાચા શ્રી ગોપેશ્વરજી વિરચિત્ત વિવરણ, શ્રી ગોપેશ્વરજી વિરચિત વિવૃત્તિ, શ્રી પુરૂષોત્તમજી કૃત વિવરણ, શ્રી વલ્લભ કૃત વિવૃત્તિ, ચાચા શ્રી ગોપેશ વિરચિત વિવરણ.

૧૫ મો ગ્રન્થ : ચાચા શ્રી ગોપેશ વિરચિત વિવૃત્તિ, શ્રી વલ્લભ કૃત નિરોધલક્ષણવિવૃત્તિ, શ્રી હરિરાયજી કૃત નિરોધલક્ષણ વિવૃત્તિ, શ્રી વલ્લભકૃત નિરોધલક્ષણ વિવરણ, શ્રી પુરુષોતમજી કૃત વિવૃત્તિ, શ્રી વ્રજરાજ કૃત વિવરણ.

૧૬ મો ગ્રન્થ : શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રકટિત સેવાફલવિવરણ, શ્રી કલ્યાણરાયજી વિરચિત સેવાફલોક્તિવિવૃત્તિ, ચાચાશ્રી ગોપેશજી વિરચિત વિવૃત્તિટિપ્પણી, શ્રી દેવકીનન્દજી વિરચિત વિવૃત્તિટિપ્પણી, શ્રી હરિરાયજી કૃત સેવાફલોક્તિવિવૃત્તિ, શ્રી વલ્લભ વિરચિત ટીકા, શ્રી પુરૂષોત્તમજી કૃત સેવાફલવિવૃત્તિપ્રકાશ, વિવૃત્તિવિવરણ, શ્રી લાલૂ ભટ્ટ દીક્ષિત વિરચિત ટિપ્પણી, મઠપતિ શ્રી જયગોપાલ ભટ્ટ કૃત વિવરણ, મઠેશ શ્રી લક્ષ્મણ ભટ્ટ વિરચિત સેવાફલવિવૃત્તિવિવરણ, શ્રીમદ્ આચાર્ય કૃત વિવરણટિપ્પણી.